સુવિચાર

ઉદય કોઈનો પણ અચાનક નથી થતો સૂર્ય પણ ધીરે ધીરે નીકળે છે અને ઉપરની તરફ ઉઠે છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક





સોની બજારમાં વેપારીનું રૂપિયા ૩૭.૫૧ લાખનું સોનુ લઈ સેલ્સમેન ફરાર

P-4

Year-16, Issue-31 ■ DATE : 14-05-2025 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ગુજરાતમાં કામ કરતાં તમામ કર્મચારીઓ માટે ઓળખકાર્ડ ફરજીયાત કરાશે

## આ માટે ખાસ માર્ગદર્શિકા ઘડવાનું શરૂ કરાયુંઃ કામદારો-કર્મચારીઓને કામે રાખતા માલિકોએ તેમની ઓળખની નકલ પોલીસને સોંપવી પડશે



**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ભારત-પાકિસ્તાન વચ્ચે મીની યુદ્ધ તથા ગેરકાયદે વસાહતીઓના ઘટનાક્રમ વચ્ચે રાજય સરકારે આંતરિક સુરક્ષા અસરકારક બનાવવાની દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે. હવે રાજયમાં કામ કરતાં તમામ કામદારો માટે ઓળખકાર્ડ ફરજીયાત થશે અને આ માટે ખાસ માર્ગદર્શિકા ઘડવાનું શરૂ કરાયું છે.

કામદારો-કર્મચારીઓને કામે રાખતા માલિકોએ તેમની ઓળખની નકલ પોલીસને સોંપવી પડશે.નિયમભંગ બદલ કાનુની પગલા ભરવાની જોગવાઈ કરાશે. જોકે, કામદાર દ્વારા બોગસ દસ્તાવેજ રજુ કરવામાં આવ્યા હોય તો માલિકની જવાબદારી નહિં ગણાય.

રાજય સરકારના સુત્રોએ કહ્યું કે, નવી સુચિત માર્ગદર્શિકા-નિયમો તમામે તમામ વર્ગને લાગુ પડશે.ચા-પાનની દુકાનો મોટી કંપનીઓ તથા બાંધકામ કોન્ટ્રાકટરોથી માંડીને ઘરકામ માટે રખાતા નોકરોને પણ ઓળખકાર્ડ આપીને તેની નકલ પોલીસમાં જમા કરાવવાની રહેશે.

ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ ગઈકાલે ઉચ્ચ પોલીસ અધિકારીઓની બેઠક યોજી હતી. તેમાં જીલ્લા પોલીસવડાઓ તથા કમિશ્નરો પણ હાજર હતા.

ગૃહ વિભાગના એક સિનિયર અધિકારીએ કહ્યું કે તાજેતરમાં ગેરકાયદે વસાહતીઓ પર ઉતારાયેલી તવાઈ વખતે તેઓ લાંબા વખતથી ગુજરાતમાં વસવાટ કરતાં હોવાનું માલુમ પડયુ હતું.

જીવન નિર્વાહ માટે કોઈને કોઈ કામ ધંધો કરતા હોવાનું સ્પષ્ટ બની ગયુ હતું. આ સંજોગોમાં તમામની ઓળખ સ્થાપિત કરવાનું જરૂર છે. આ સ્થિતિમાં તમામ માલિકોએ કર્મચારી-કામદાર-નોકરના આધારકાર્ડ, રેશનકાર્ડ, વોટર આઈડી કાર્ડ ઓળખના પુરાવા તરીકે મેળવવા પડશે અને તેની નજીકનાં પોલીસ સ્ટેશનોને આપવી પડશે. નવી માર્ગદર્શિકા વિશે પોલીસ કમિશ્નરો તથા જીલ્લા પોલીસ વડાઓને સુચના આપવામાં આવી છે.ગૃહ મંત્રાલયે નિશ્ચિત માર્ગદર્શિકા ઘડવાનું પણ શરૂ કર્યું છે અને તુર્તમાં જાહેર કરાશે.

બોગસ દસ્તાવેજોનાં આધારે પાસપોર્ટ મેળવી લેનાર બાંગ્લાદેશી નાગરિકનાં કિસ્સાને આગળ ધરીને સુત્રોએ કહ્યું કે કામદારોનાં ઓળખકાર્ડનાં આધારે ષડયંત્ર તથા રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિ અટકાવી શકાશે. સીંગલ પ્લેટફોર્મ પર જ ડેટા ઉપલબ્ધ બને તે માટે ટેકનોલોજી વિકસીત કરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પહેલગામનાં હુમલા બાદ ગુજરાતમાં ગેરકાયદે વસતા વિદેશી નાગરિકો પર તવાઈ બોલાવવામાં આવી હતી. માત્ર અમદાવાદમાં જ ૮૯૦ બાંગ્લાદેશી નાગરિકો પકડાયા હતા.

સુરતમાંથી ૧૩૪ પકડાયા હતા. તેમાંથી ચારની ગુનાહીત સાંઠગાંઠ ખુલી હતી. બે ત્રાસવાદી સંગઠન અલ કાયદાનાં સ્લીપર સેલ હોવાની શંકા છે. આ તમામ લોકો બોગસ દસ્તાવેજોનાં આધારે ગુજરાતમાં વસવાટ કરતા હોવાનું માલુમ પડયુ હતું.

ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથેની બેઠકમાં જીલ્લા પોલીસ વડાઓ તથા પોલીસ કમિશ્નરોને સરકારની આંતરિક સલામતીની સુચિત યોજના વિશે જાણ કરી હતી. તુર્તમાં વિધીસરની માર્ગદર્શિકા જારી કરવાનું પણ સ્પષ્ટ કર્યું હતું.

# પાકિસ્તાનના ૨૦% ટકાથી વધુ વાયુસેનાના ઠેકાણાઓનું નામનિશાન ભુસાયું

## ભારતીય સેના દ્વારા LoC પર કરવામાં આવેલી જવાબી કાર્યવાહીમાં ઘણા આતંકવાદી બંકરો અને પાકિસ્તાની સેનાની ચોકીઓનો નાશ કરવામાં આવ્યો હતો



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

૨૨ એપ્રિલના રોજ પહેલગામ હુમલા પછી, વડા પ્રધાન મોદીએ રાષ્ટ્રને ખાતરી આપી હતી કે આતંકવાદીઓ અને તેમના પ્રાયોજકોને અપેક્ષા કરતાં વધુ કડક સજા આપવામાં આવશે. પીએમ મોદી દ્વારા નિર્ધારિત આ ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવા માટે, ભારતીય સુરક્ષા દળોએ ઓપરેશન સિંદૂર'' શરૂ કર્યું. આ અભિયાન હેઠળ, ફક્ત આતંકવાદીઓના ઠેકાણાઓ અને તેમના માસ્ટરોનો નાશ કરવામાં આવ્યો ન હતો, પરંતુ પાકિસ્તાની સેનાને પણ હુમલાઓનો સામનો કરવો પડ્યો હતો. ભારતીય સેના દ્વારા અનેક પાકિસ્તાની લશ્કરી સ્થાપનો પર કરવામાં આવેલા સચોટ હુમલામાં પાકિસ્તાન વાયુસેના (PAF) ના લગભગ ૨૦ ટકા માળખાકીય સુવિધાઓ નાશ પામી છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારતના આ હુમલા દરમિયાન પાકિસ્તાનના ઘણા લડાકુ વિમાનો પણ નાશ પામ્યા છે.

ધ ઈન્ડિયન એક્સપ્રેસે સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે આ હુમલાઓ પાકિસ્તાન દ્વારા ડ્રોન અને મિસાઈલ વડે ભારતીય લશ્કરી થાણાઓ અને નાગરિક વિસ્તારોને નિશાન બનાવવાના પ્રયાસોના જવાબમાં કરવામાં આવ્યા હતા. ભારતે જોરદાર જવાબ આપ્યો, પાકિસ્તાન વાયુસેનાના મુખ્ય દારૂગોળા ડેપો અને એરબેઝને નિશાન બનાવ્યા, જેમાં સરગોધા અને ભોલારી જેવા મુખ્ય એરબેઝનો સમાવેશ થાય છે. પાકિસ્તાન વાયુસેનાના J-16 અને J-17 ફાઈટર પ્લેન અહીં તૈનાત કરવામાં આવ્યા હતા. ભોલારી એરબેઝ પર થયેલા હુમલામાં સ્ક્વોડ્રન લીડર ઉસ્માન યુસુફ સહિત ૫૦ થી વધુ સૈનિકો પણ માર્યા ગયા હતા, જેમાં વાયુસેનાના ચાર જવાનો પણ સામેલ હતા.

હુમલા પહેલા અને પછી જેકોબાબાદના શાહબાઝ એરબેઝની સેટેલાઇટ છબીઓ મોટા પાયે વિનાશ દર્શાવે છે. ભારતીય સેના દ્વારા LoC પર કરવામાં આવેલી જવાબી કાર્યવાહીમાં ઘણા આતંકવાદી બંકરો અને પાકિસ્તાની સેનાની ચોકીઓનો નાશ કરવામાં આવ્યો હતો. એલઓસી પર ભારે ગોળીબારમાં ૩૫-૪૦ પાકિસ્તાની સૈન્ય સૈનિકો માર્યા ગયા હોવાના અહેવાલ પહેલાથી જ મળી ચૂકયા છે. તે જ સમયે, કેટલાક ફાઇટર વિમાનોના વિનાશની પણ પુષ્ટિ થઈ છે.

સોમવારે, ભારતીય સશષા દળોએ પાકિસ્તાની એરબેઝને થયેલા નુકસાનના પુરાવા જાહેર કર્યા અને ડ્રોન અને મિસાઈલોને અટકાવ્યા. આનાથી ભારતની લશ્કરી ક્ષમતાઓ અને તેની સંરક્ષણ પ્રણાલીની તાકાત પર પ્રકાશ પડ્યો.

મંગળવારે, ડિફેન્સ ઈન્ટેલિજન્સ એજન્સી (DIA) ના ડિરેક્ટર જનરલ લેફ્?ટનન્ટ જનરલ ડી એસ રાણાએ ૭૦ દેશોના ફોરેન સર્વિસ એટેચીઝ (FSA) ને ઓપરેશન સિંદૂર'' ની સફળતા વિશે માહિતી આપી. તેમણે સમજાવ્યું કે આતંકવાદી ઠેકાણાઓ સંબંધિત લક્ષ્યો કેવી રીતે પસંદ કરવામાં આવ્યા હતા અને કેવી રીતે ચોક્કસ, ઝડપી અને અસરકારક કાર્યવાહી દ્વારા ભારતે પોતાનો ઉદ્દેશ્ય પ્રાપ્ત કર્યો.

સંયુક્ત કામગીરી અને ત્રિ-સેવા કામગીરી દ્વારા, ઓપરેશન સિંદૂરએ અવકાશ, સાયબર અને ઈલેક્ટ્રોનિક યુદ્ધ જેવા ક્ષેત્રોમાં ભારતની સ્વદેશી શષા પ્રણાલીઓ અને ટેકનોલોજીની ક્ષમતા દર્શાવી છે, IDS મુખ્યાલયે એક પોસ્ટમાં જણાવ્યું હતું. લેફ્ટનન્ટ જનરલ રાણાએ પાકિસ્તાન દ્વારા ચલાવવામાં આવી રહેલા ભારત વિરોધી પ્રચાર અભિયાન અને પ્રાદેશિક શાંતિ પર તેની અસરો પર પણ પ્રકાશ પાડ્યો.

# ગુજરાતના ખ્યાતનામ મીડિયા ગ્રુપ પર આઈટીના દરોડા

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં આયકર વિભાગે લાંબા સમય બાદ ટેક્ષચોરો વિરૂધ્ધ ઓપરેશન શરૂ કર્યુ છે. આજે વહેલી સવારથી આવકવેરા વિભાગે ગુજરાતનાં આર્થિક પાટનગર ગણાતા અમદાવાદમાં એક જાણીતા મીડિયા ગ્રુપ સહિત અનેક સ્થળોએ ઓપરેશન હાથ ધર્યુ હોવાનું જાણવા મળે છે જે દરમ્યાન મોટા પાયે ટેક્ષચોરીના વ્યવહારો મળી આવે તેવી સંભાવના વ્યકત કરવામાં આવી છે.




આયકર ખાતાના અંતરંગ સૂત્રોએ જણાવ્યું છે કે સમગ્ર ગુજરાતમાં નોંધપાત્ર ફેલાવો ધરાવતા અને વિવિધ શહેરોમાંથી એડિશન પ્રસિધ્ધ કરતાં મીડિયા ગ્રુપની ઓફિસો અને રહેઠાણમાં દરોડાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જે દરમ્યાન આવક-જાવકના હિસાબોની તપાસણી કરવામાં આવી રહી છે. આયકર વિભાગે મીડિયા ગ્રુપને નિશાના પર લેતા તેના ઘેરા પડઘા પણ પડયા હોવાનું જાણવા મળે છે. અત્રે એ નોંધનીય છે કે થોડા સમય પહેલા ગુજરાતના જ એક અન્ય મીડિયા જૂથને ત્યાં પણ દરોડો પાડવામાં આવ્યો હતો. આ કાર્યવાહી આજે મોડે સુધી ચાલે તેવી શકયતા છે.

બીનસતાવાર અહેવાલો અનુસાર જાણીતા ઈસ્કોન ગ્રુપ ઉપર પણ આયકર ખાતાએ વિવિધ સ્થળોમાં દરોડા પાડયા હોવાનું જાણવા મળે છે. સતાવાર વિગતો મેળવાઈ રહી છે.

અમદાવાદમાં કુલ ૪૦ જેટલા સ્થળોએ ૪૦૦થી વધુ અધિકારીઓ જોડાયા હોવાનું પણ જાણવા મળે છે.

અમદાવાદમાં આવકવેરા વિભાગે શહેરમાં મોટા પાયે દરોડા પાડ્યાનું અને સંખ્યાબંધ તપાસ ચાલુ કર્યાનું ન્યુઝ ફર્સ્ટ જણાવે છે. જે ગુજરાતના આર્થિક પાટનગરમાં હડકંપ મચાવી રહ્યો છે. આ ઓપરેશનની વિગતો મેળવાઈ રહી છે.

વિવિધ મીડિયા અહેવાલો અનુસાર, આ દરોડા ગુપ્ત માહિતીના આધારે શરૂ કરવામાં આવ્યા છે, જેમાં બેનામી સંપત્તિ, રોકડના ગેરકાયદે વ્યવહારો અને ટેક્સ ચોરીના આરોપોની તપાસ થઈ રહી છે. આવકવેરા વિભાગની ટીમોને આ ઓપરેશનમાં કરોડો રૂપિયાની અઘટિત સંપત્તિ અને દસ્તાવેજો જપ્ત થવાની શકયતા છે. આ ઓપરેશન લાંબા સમયથી ચાલતી ગેરરીતિઓને ઉજાગર કરવા માટે છે, જેમાં મોટા પાયે ટેક્સ ચોરીનો સમાવેશ થાય છે.

અમદાવાદના વેપારી સમુદાયમાં આ દરોડાને લઈને ચર્ચાઓ ગરમ છે, અને ઘણા લોકો આગામી દિવસોમાં વધુ મોટા ખુલાસાઓની અપેક્ષા રાખી રહ્યા છે.

# મલેશિયન એરલાઈન્સના વિમાનને રશિયન મિસાઈલ મારફત તોડી પડાયું હોવાનો ઘટસ્ફોટ

## ૨૦૧૪માં ૨૯૮ મુસાફરોના મોતની દુર્ઘટના પરથી પડદો ઉંચકાયો

**મુખ્ય સમાચાર, ન્યુયોર્ક**

૨૦૧૪માં યુક્રેનના ટ્રોનસ્તક પાસે ૨૯૮ મુસાફરો સાથેની મલેશિયન એરલાઈનના મુસાફર વિમાનને નડેલી દુર્ઘટના અને તમામ મુસાફરોના મૃત્યુમાં રશિયા જવાબદાર હોવાનો ઘટ્ટસ્ફોટ થયો છે.

મલેશિયા એરલાઈનનું બોઈંગ ૭૭૭ વિમાન જે ૨૯૮ મુસાફરો અને ચાલકદળના સભ્યો સાથે તા.૧૭ જુલાઈ ૨૦૧૪ના તેની આમ્સટર્ડામથી કવાવાલામ્પુરની ઉડાન પર હતું તે સમયે યુક્રેનના પુર્વ



ક્ષેત્રમાં ગ્રાબોલ ગ્રામીણ વિસ્તારોમાં તૂટી પડયુ હતું અને તમામ મુસાફરો અને ચાલકદળના સભ્યો માર્યા ગયા હતા.

આ અંગે સંયુક્ત રાષ્ટ્રસંઘની તપાસ એજન્સીના રિપોર્ટમાં ઘટ્ટસ્ફોટ થયો છે કે રશિયા અને યુક્રેન વચ્ચેના તે સમયના તનાવમાં રશિયાનું પીઠબળ ધરાવતા અલગતાવાદી જૂથે ફાયર કરેલા મિસાઈલ એ આ વિમાનને હીટ કર્યુ હતું અને તે તૂટી પડયું હતું.

તે સમયે અમેરિકાના પ્રમુખ બારાક ઓબામાએ પણ આ વિમાન પર મિસાઈલ હુમલા માટે રશિયાને સીધુ જવાબદાર ગણાવ્યું હતું. જો કે રશિયાએ તેની ભૂમિકા નકારી હત.

૨૦૨૨માં ડચની એક અદાલતે આ દુર્ઘટના માટે ત્રણ વ્યક્તિઓને જવાબદાર ગણાવીને તેમને આજીવન કારાવાસની સજા ફટકારી હતી. જેની તપાસ બાદમાં નેધરલેન્ડ, ઓસ્ટ્રેલિયા, મલેશિયા, બેલ્જીયમ અને યુક્રેનના સભ્યોની સંયુક્ત ટીમે કરી હતી અને તેમાં આ ઘટ્ટસ્ફોટ થયો છે કે બળવાખોર જૂથોને મિસાઈલ સહિતના શસ્ત્રો રશિયાએ પુરા પાડયા હતા.

# ગુજરાતમાં બેવડી ઋતુનો અનુભવઃ ૧૬ જિલ્લામાં વરસાદની આગાહી

## ત્રણ જિલ્લામાં ભારે ગરમીનો થશે અનુભવઃ સૌરાષ્ટ્ર-કચ્છમાં વરસાદની આગાહીઃ હવામાન વિભાગની આગાહી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં છેલ્લાં એક અઠવાડિયાથી વરસાદે માઝા મૂકી હતી. ત્યારે છેલ્લાં બે દિવસથી વરસાદે પોરો ખાધો હોય તેવું જણાઈ રહ્યું છે. એવામાં હવામાન વિભાગે ફરી વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી મુજબ બુધવારે (૧૪ મે) ૧૬ જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ વરસવાની સંભાવના છે. જોકે, બીજી બાજુ ત્રણ જિલ્લામાં ગરમીનું તાપમાન ૪૦ પાર જવાની પણ આશંકા વ્યક્ત કરવામાં આવી છે.



હવામાન વિભાગની આગાહી અનુસાર, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી અને દમણ, દાદરા અને નગર-હવેલીમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદ થવાની સંભાવના છે.

આ સિવાય સૌરાષ્ટ્ર-કચ્છના જિલ્લાઓ, જેમ કે રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, કચ્છ અને દીવમાં હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, કમોસમી વરસાદની આગાહી સાથે બુધવારથી અમદાવાદ, રાજકોટ અને ભૂજમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીની પાર પહોંચી શકે છે. આગામી સાત દિવસમાં મહત્તમ તાપમાનમાં ૩થી ૫ ડિગ્રીનો વધારો નોંધાઈ શકે છે.

દેશની જીવનરેખા, દક્ષિણપશ્ચિમ ચોમાસું મંગળવારે નિકોબાર ટાપુઓ પર ત્રાટક્યું. દર વર્ષે ૨૨ મેની આસપાસ આંદામાનમાં પ્રવેશતું ચોમાસુ આ વર્ષે નવ દિવસ વહેલું આવી ગયું છે.

હવામાન વિભાગે આગાહી કરી છે કે, તે ટૂંક સમયમાં ભારતીય મુખ્ય ભૂમિમાં પ્રવેશ કરશે. ચોમાસાના આગળ વધવા માટે પરિસ્થિતિઓ અનુકૂળ છે. આવનારા દિવસોમાં પણ આ રીતે જ આગળ વધતું રહેશે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, છેલ્લા ૪ દિવસથી આંદામાન સમુદ્ર, આંદામાન અને નિકોબાર ટાપુઓમાં ભારે વરસાદ પડી રહ્યો છે. દક્ષિણ આંદામાન સમુદ્ર, દક્ષિણ બંગાળનો અખાત, નિકોબાર ટાપુઓ અને ઉત્તર આંદામાન સમુદ્ર ચોમાસાના પવનોથી ઘેરાયેલા છે.

વિભાગે કહ્યું છે કે, જેમ જેમ ચોમાસાના પવનો મજબૂત થશે, તેમ તેમ તેઓ ૩-૪ દિવસમાં માલદીવ્સ, દક્ષિણ અરબી સમુદ્ર, દક્ષિણ બંગાળની ખાડી સહિત સમગ્ર આંદામાન-નિકોબાર ટાપુઓને આવરી લેશે.

# સાઉદી અરેબીયામાં જગત જમાદારનું લવન્ડર-કાર્પેટ સ્વાગત

## અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ચાર દેશોની યાત્રા પર

**મુખ્ય સમાચાર, રિયાધ**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તેમના પ્રથમ સતાવાર પ્રવાસમાં સાઉદી અરેબીયા સહિત ગલ્ફના ચાર દેશોની યાત્રા પર છે. જો કે અગાઉ પોપ ફ્રાન્સીસની અંતિમવિધિમાં તેઓ વેટીકન ગયા તે અમેરિકામાં પ્રમુખપદ સંભાળ્યા બાદનો પ્રથમ અણધાર્યા નિશ્ચિત થયેલા વિદેશ પ્રવાસ હતો.

ટ્રમ્પનો ગલ્ફ પ્રેમ જાણીતો છે અને તેમની પ્રથમ વર્ષમાં પણ તેઓ સાઉદી અરેબીયાની જ મુલાકાત લીધી હતી. ગઈકાલે જયારે તેઓ એરફોર્સ વનમાં રીયાધ પહોંચ્યા તો તેમનું રેડ કાર્પેટ નહી પણ લવન્ડર-કાર્પેટથી સ્વાગત કરાયુ.




સાઉદીના ક્રાઉન પ્રિન્સ ખુદ એરપોર્ટ ગયા હતા. અગાઉ વડાપ્રધાન મોદી જયારે સાઉદી અરેબીયા ગયા તે સમયે તેમના વિમાને સાઉદી એરસ્પેસમાં પ્રવેશ કર્યો તેની સાથે જ સાઉદી રોયલ એરફોર્સના એએફ-૧૫ વિમાને મોદીના વિમાનનું એસ્કોર્ટ કર્યુ તેવું જ ટ્રમ્પના એરફોર્સ વનને પણ એસ્કોર્ટ અપાયુ હતું.

સામાન્ય રીતે મનપસંદ અતિથિનું રેડકાર્પેટ સ્વાગત થાય છે. જે સતાના પ્રભાવ ગણાય છે પણ સાઉદી શાસકોએ અલગ પ્રથા અપનાવી છે. તેઓ ખાસ અતિથિને માટે લવન્ડર કાર્પેટ પાથરે છે. સાઉદી શાહી મહેમાને પણ વસંતના સમયમાં લવન્ડર ફુલોથી સજાવાય છે. ટ્રમ્પ પહોંચ્યા બાદ એરપોર્ટના જ રોયલ લોન્જમાં ગ્રોથ સાથે કોફીની મજા લીધી હતી.

# રાજયમાં ચાલુ માસમાં સામાન્ય કરતા ૨૦ ગણો વધુ વરસાદ વરસ્યો

## આગાહી મુજબ ચોમાસું વ્હેલુ બેસે તો સતત બીજા વર્ષે વ્હેલી એન્ટ્રી થશે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

આંદામાનમાં ચોમાસાનું આગમન થઈ જ ગયુ છે. ગુજરાત સહિત દેશભરમાં ચોમાસાનો પ્રવેશ નિર્ધારીત સમય કરતાં વ્હેલો થવાની આગાહી છે. ત્યારે રાજયમાં ગત અઠવાડીયે વરસેલો વરસાદ મે મહિનાનાં નોર્મલ વરસાદ કરતાં ૨૦ ગણો વધુ રહ્યાનું હવામાન વિગતો જાહેર કર્યું છે.

હવામાન વિભાગનાં રીપોર્ટ પ્રમાણે દક્ષિણ ગુજરાતના કાંઠે ૧૫ જુન આસપાસ ચોમાસાની એન્ટ્રી થઈ જવાનું અનુમાન છે. અમદાવાદ સહીત મધ્ય ગુજરાતના અન્ય ભાગો ૨૦ જુન આસપાસ કવર થઈ શકે છે. આગાહી મુજબ ચોમાસું વ્હેલુ રહે તો ૨૦૦૯ પછી પ્રથમ વખત પાંચ દિવસ પહેલા શ્રીગણેશ થશે.

આંદામાન તથા નિકોબારમાં નૈઋત્ય ચોમાસાએ પ્રવેશ કરી લીધો હોવાનું હવામાન વિભાગે જાહેર કરી દીધાનું ઉલ્લેખનીય છે અનુકુળ પરિબળોને પગલે હવે તે ઝડપથી આગળ વધીને આગામી ૨૭મીએ કેરળમાં પહોંચી જવાનું અનુમાન છે. આ વખતે ચોમાસાનો વરસાદ નોર્મલ કરતા પણ વધુ સરેરાશ કરતાં ૧૭૫ ટકા રહેવાની અગાઉ જ આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર-કચ્છ-ગુજરાતને લાગે વળગે છે ત્યાં સુધી ગત સપ્તાહમાં મીની ચોમાસાનો અનુભવ થયો હતો. વ્યાપક કમોસમી વરસાદ થયો હતો. આગાહી મુજબ ચોમાસુ વહેલુ બેસે તો સતત બીજા વર્ષે વ્હેલા આગમનની સ્થિતિ સર્જાશે.

૨૦૨૩ માં ગુજરાતમાં બિપોરજોય વાવાઝોડુ ત્રાટકયુ હતું. તેની અસરે વ્હેલો વરસાદ થયો હતો. જોકે ચોમાસાની એન્ટ્રી ૨૫ જુને જ થયાનું જાહેર થયુ હતું.ચાલુ વર્ષે જાહેર થયુ હતું. ચાલુ વર્ષે પ્રિ મોન્સુન વરસાદ સાથે પડયો છે. ૧૩ મેની સ્થિતિમાં ગુજરાતમાં સરેરાશ ૩૭.૫ મીમી વરસાદ થયો છે.



સામાન્ય રીતે મે મહિના માત્ર ૧.૮૮ મીમી વરસાદ થતો હોય છે તેની સરખામણીએ વરસાદની માત્રા ૨૦ ગણી વધુ છે. જાન્યુઆરી-મે મહિનામાં સરેરાશ ૨.૩ મીમી વરસાદ થતો હોય છે તેની સામે ૭૬.૧ થયો છે.

સૌરાષ્ટ્ર-કચ્છમાં સરેરાશ ૧.૧ મીમીની સરખામણીએ આ વખતે ૩૮.૪ મીમી વરસ્યો છે. જે અનેક ગણો વધુ છે. છેલ્લા ચોમાસાનાં આગમનની આગાહીને પગલે ખેડુતોથી માંડીને સામાન્ય લોકોમાં વરાપની હેલી છે.

# જામનગરમાં જર્જરિત-ભયજનક બનેલી ૧૪૭ ઈમારતોનાં વપરાશકર્તાને નોટિસ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં દર વર્ષે ચોમાસા દરમિયાન કોઈ દુર્ઘટના ન સર્જાય તે માટે મહાપાલિકા દ્વારા પ્રિ-મોન્સુન સર્વે યોજીને જર્જરિત ઈમારતોને નોટિસો આપવાની કાર્યવાહી કરવામાં આવે છે. જે અંતર્ગત હાલના દિવસોમાં તંત્રએ ૨૨૨ જેટલી ઈમારતોનો સર્વે કર્યા બાદ ૧૪૭ સ્થળોએ ઈમારતોની જર્જરિત સ્થિતિ સુધારવા નોટિસો આપવામાં આવી છે.ખાસ કરીને જૂના જામનગર વિસ્તારમાં ટીપીઓ, એસ્ટેટ અને ફાયર શાખાની ૬ ટીમો દ્વારા ૨૨૨ ઈમારતોની સ્થિતિની ચકાસણી.જામનગર મ્યુનિ. કોર્પોરેશનની ટીપીઓ, એસ્ટેટ અને ફાયર શાખાના કર્મચારીઓની બનેલી ૬ ટીમો દ્વારા મે માસમાં જર્જરિત ઈમારતોનો સર્વે શરુ કરવામાં આવ્યો હતો. આ સર્વે દરમિયાન ટીમો દ્વારા કુલ ૨૨૨ ઈમારતોનો સર્વે કરવામાં આવતાં ગત વર્ષે જે ઈમારતો જર્જરિત તરીકે ગણાઈ હતી, તેમાંની ઈમારતોમાં રીપેરીંગ સહિતના ફેરફારો થઈ જવા પામ્યા છે. ૧૯ વોર્ડના તમામ વિસ્તારો જેમાં ખાસ કરીને જુના જામનગરના વિસ્તારોમાં જુના મકાનો વિશેષ હોવાથી તંત્રની ટીમો દ્વારા આ વિસ્તારોમાં સર્વે કરતી વેળાએ ખાસ ધ્યાન અપાય છે. ચાલુ મહિનામાં આવા સર્વે દરમિયાન ૧૪૭.સ્થળોએ મકાનોના છજા, ગેલેરી, અગાસીની પારાપેટ સહિતના ભાગો જર્જરિત થઈને પડે તેવા જણાતા હોવાથી ટીમો દ્વારા આ તમામ


મ્યુ.વહીવટી ભવન

સ્થળોના ભોગવટા કરતા લોકોને મકાનોના જર્જરિત હિસ્સાને દુર કરીને સલામત સ્તરે લવવાની કાર્યવાહી કરીને રીપોર્ટ આપવા નોટીસો આપવામાં આવી છે. જામનગર શહેરમાં મ્યુનિ. કોર્પોરેશનની ૧૪૦૪ આવાસ યોજનાના ૧૪૦૪ ફ્લેટોને ૨૦૧૮થી જોખમી ગણીને નોટિસો અપાયા બાદ આ કોલોનીના બે માળના ૧૧૭ બ્લોક્સ પૈકીના ૬૬ બ્લોક્સના ૭૯૨ ફ્લેટસ તોડી પાડવામાં આવ્યા છે. આ જ રીતે હાઉસીંગ બોર્ડ સાધના કોલોનીના ૨૯ બ્લોક્સના ૩૪૮ ફ્લેટસ તોડી પાડવામાં આવ્યા છે. હજુ તંત્ર દ્વારા ૧૪૦૪ આવાસોના બાકી રહેલા આવાસો પણ તોડી પાડવાની તૈયારી ચાલતી હોવાના સંકેતો સાંપડે છે. આમ શહેરમાં છેલ્લા એક વર્ષમાં તંત્રએ જોખમી ગણેલા એવા ૧૪૭ જેટલી જોખમી ઈમારતોને સેઈફ સ્ટેજે લઈ જવા નોટિસ પાઠવી છે.

# ભાયાવદરમા વિરોધપક્ષના નેતા ઉપર ભાજપ આગેવાન અને મળતિયાનો હુમલોઃ આજે અડધો દિવસ બંધનુ એલાન

### પાટીદાર સમાજનું ટોળુ રાત્રે પોલીસ સ્ટેશન ધસી ગયું

**મુખ્ય સમાચાર, ભાયાવદર**

ભાયાવદરમાં ગત રાત્રે બસ સ્ટેન્ડની સામે પાનની દુકાન પાસે મિત્રો સાથે બેઠેલા વિરોધપક્ષના નેતા ઉપર ભાજપના આગેવાન અને તેમના મળતીયાઓએ હીંચકારો હુમલો કરતા અફડાતફડી મચી ગઈ હતી તેમજ આજુબાજુની દુકાનોના ટપોટપ શટરો પડી ગયા હતા.ભાયાવદરમાં વિરોધપક્ષના નેતા ઉપર હીંચકારા હુમલાના વિરોધમાં પટેલ સમાજ ખાતે મિટિંગ યોજાઈ હતી જેમા વેપારીઓ દ્વારા તા.૧૪મીએ બપોર સુધી ગામ બંધ રાખવાનું એલાન કરાયું હતું.

પોલીસ સૂત્રમાંથી જાણવા મળતી વિગત મુજબ ફરિયાદી નયનભાઈ જયંતિભાઈ જીવાણીના જણાવ્યા



### પોલીસે બંને પક્ષની ફરિયાદ નોંધી મામલો શાંત પાડયો

મુજબ તા.૧૨ ના રાત્રિના સવા દસેક વાગ્યાની આસપાસ હું અને સંજયભાઈ પરમાર બંને ભાયાવદર બસ સ્ટેન્ડની સામે આવેલ ક્રિષ્ના પાન નામની દુકાને બાકડા ઉપર બેઠા હતા તે દરમ્યાન આશરે ૨૫ થી ૩૦ માણસોનું ટોળુ આવ્યુ હતુ. જેમાંથી જિલ્લા ભાજપના આગેવાન ઈન્દ્રવિજયસિંહ ગુલાબસિંહ ચુડાસમા તથા તેનો સગો ભાઈ ઉપેન્દ્રસિંહ ગુલાબસિંહ ચુડાસમા તથા ભીખુભા બાબભા ચુડાસમા અને સાથે આવેલ ટોળાએ ગાળો દઈ ઢીકાપાટુનો માર મારી ઝાપટો મારેલ અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સંજયભાઈ, સુરેશભાઈ માકડીયા તથા કારાભાઈ સામાણી વચ્ચે પડીને મને દુકાનમાં અંદર પુરી દઈ શટર પાડી દીધુ હતુ તેમ છતાં આ શખ્સોએ શટર ઊંચું કરી દુકાનની અંદર ઢીકાપાટુનો માર માર્યો હતો. ત્યારબાદ પોલીસ સ્ટાફ ત્યાં આવી જતા મને દુકાનની બહાર કાઢયો હતો. મારમારતા દાંત પડી ગયો હતા. સોનાનો ચેઈન ઝપાઝપીમાં ક્યાંક પડી ગયો હતો. અને આ બનાવ બનવાનું કારણ એ હતું કે તા.૯ ના રોજ મારો પુત્ર અમન તથા તેનો મિત્ર યોગેશ વિરોજા બંને તેના મિત્રના લગ્નમાં પટેલ સમાજ પાસે ટાકડા ફોડવા બાબતે જાહેરનામાનો ભંગનો ગુનો કર્યો હોવાથી તેમની સામે પોલીસ કાર્યવાહી થઈ હતી જેથી આ લોકો મારી વિરુધ્ધ સોશિયલ મીડિયામાં ખોટા મેસેજ વાયરલ કર્યા હોય જેથી આ બાબતે મેં સામે મેસેજ દ્વારા સાચી હકીકત જાણો તેવો મેસેજ નાખેલ તેમ છતાં આ શખ્સોએ મારી ઉપર ખાર રાખીને હીંચકારો હુમલો કર્યો હતો.

સામા પક્ષે પણ ૪ શખ્સો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી કે ફરિયાદી શહેર ભાજપના મહામંત્રી હાર્દિક નરેન્દ્રભાઈ રાવલે જણાવ્યુ કે જેથી ફરિયાદીએ તે મેસેજનો જવાબ કોંગ્રેસ વિરુધ્ધ સોશિયલ મીડિયામાં આપેલ જે બાબતે આરોપી નયનભાઈ જીવાણીને સારું નહીં લાગતા ઝાપટ મારી અને જાનથી મારી નાખવાની ધમકી આપી તથા મારા સાહેદ મનહરસિંહ મંગુભા ચુડાસમા છોડવા વચ્ચે પડતા તેમને પણ આરોપીએ હાથમાં બટકું ભરી લીધું હતું અને તેમની સાથે રહેલા આરોપી ગણેશભાઈ ગણેશ પ્રોવીઝન વાળા, ગણેશભાઈના બે ભાઈઓ સુરેશભાઈ અને અતુલભાઈ એ મને ગાળો આપીને એકબીજાની મદદગારી કરેલ હતી. આથી પોલીસે બંને પક્ષની ફરિયાદ નોંધી ને આગળની કાર્યવાહી હાથ ધરી હતી..

# નંદનવન સોસાયટીમાં મહિલા સંચાલીત જુગારધામ ઝડપાયુ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરના નંદનવન સોસાયટી, શેરી નં. ૪માં મહિલા સંચાલીત જુગારધામ પર એલસીબીની ટુકડીએ દરોડો પાડીને ૫ મહિલા અને ૧ પુરૂષની રોકડ, મોબાઈલ મળી અડધા લાખના મુદામાલ સાથે અટકાયત કરી હતી. દરોડાના પગલે આ વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે.જામનગર એલસીબી પીઆઇ લગારીયાની સુચનાથી સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે મયુદીનભાઇ, અરજણભાઇ, ધર્મેન્દ્રસિંહને મળેલ હકીકત આધારે જામનગરના રણજીતસાગર રોડ પર નંદનવન સોસાયટી, શેરી નં. ૪માં એક ભાનુશાળી મહિલા ફ્લેટમાં પોતાના અંગત ફાયદા માટે નાલ ઉઘરાવીને તિનપતી જુગારનો અખાડો ચલાવે છે જેના આધારે એલસીબીએ દરોડો પાડયો હતો.દરોડા દરમ્યાન નંદનવન સોસાયટી શેરી નં. ૪ ફ્લેટમાં ત્રીજા માળે રહેતી સુશીલાબેન હરીશ ફલીયા, ગુલાબનગરમાં રહેતી લતાબેન ચંદ્રકાંત ગાંધી, રાબીયાબેન જાહીદ ઇકબાલીયા, પટેલપાર્કમાં રહેતી નયનાબેન રાજેશ બુધ્ધ, સાધના કોલોની એમ-૬૧માં રહેતી મીતલબેન જીતેન્દ્ર કનખરા અને હર્ષદમીલની ચાલી આગળ બાઇની વાડી ખાતે રહેતા દિલીપ ગેલા સાદીયાની અટકાયત કરી હતી.તિનપતી જુગાર રમનારને પકડી પાડી ૪૪૫૦૦ની રોકડ તથા એક મોબાઇલ મળી કુલ ૪૯૫૦૦નો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. તમામની સામે સીટી-એ ડીવીઝનમાં જુગારધારા મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

# મોરબી યુવાન સાથે ઓનલાઇન લકી ડ્રોની આડમાં મોટાપાયે છેતરપીંડી

### ફેસબુક પર ''યદુનંદન ગૌ સેવા સમિતિ''ના નામે બોગસ લકી ડ્રોની જાહેરાત મૂકતા યુવક ભોળવાય ગયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં ફેસબૂક ઉપર યદુનંદન ગૌ સેવા સમિતિના નામે બોગસ લક્કી ડ્રો ની જાહેરાત અંગે આ પહેલા પણ લીલાપર રોડ સ્થિત યદુનંદન ગૌ સમિતિના સંચાલક દ્વારા જે તે સમયે પત્રકાર પરિષદ યોજી બોગસ લક્કી ઈનામી ડ્રો બાબતે તમામ લોકોને અવગત કરાયા હતા. પરંતુ તો પણ લોકો આવા સાયબર ઠગોના સાણસામાં ફસાઈ જતા હોય છે, ત્યારે હાલ એક યુવાન પાસેથી ફેસબુક પર મૂકાયેલી બોગસ જાહેરાતના આધારે કુલ રૂ.૧૭,૯૪૪/- ઓનલાઇન પડાવાયા હતા, ત્યારે ભોગ બનનાર યુવકે પ્રથમ સાયબર ક્રાઇમ હેલ્પલાઈન માં ફરિયાદ કર્યા બાદ બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

મોરબીના ટીંબડી ગામના પાટીયા પાસે અશોક લેલન વર્કશોપની ઓફિસમાં રહેતા, મૂળ જૂનાગઢના મોણપરી ગામના વતની ઝલકભાઈ પરષોત્તમભાઈ રાખોલીયા એ બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી, જેમાં જણાવ્યું કે તેઓએ ૧૩ એપ્રિલ ૨૦૨૫ના રોજ મોરબીના મહારાણા પ્રતાપ સર્કલ નજીકથી જરૂરી ચીજવસ્તુ લેવા જતા સમયે તેમના મોબાઇલમાં પોતાની ફેસબૂક આઇડીમાં ''શ્રી યદુનંદન ગૌ સેવા સમિતિ, લીલાપર રોડ, મોરબી''ના નામે લકી ડ્રોની જાહેરાત જોવા મળી હતી, ત્યારે ઝલકભાઈએ જાહેરાતમાં આપેલા મોબાઇલ નંબર ૯૬૭૨૪ ૬૧૯૩૬ પર ફોન કર્યો ત્યારે તેમની પાસે નામ અને સરનામું માંગવામાં આવ્યું અને પછી ૩૯૯ રૂપિયાની એક ટિકિટ ખરીદવા માટે ગુગલ પે દ્વારા ચુકવણી કરવાની સૂચના આપી. જેની ચુકવણી કર્યા બાદ બીજે દિવસે ઝલકભાઈને ફોન આવ્યો કે તેઓ એક ''સ્પ્લેન્ડર બાઇક'' જીતી ગયા છે અને ત્યારબાદ બાઈક માટે વીમા અને જીએસટીના નામે અલગ-અલગ હપ્તા તરીકે ૪,૫૦૦ રૂપિયા તથા પછીથી વધુ ૧૩,૦૪૫ રૂપિયા, કુલ ૧૭,૯૪૪ રૂપિયા ઓનલાઇન ભરાવ્યાં હતા.

જે બાદ હજુ વધુ પૈસા માંગવામાં આવ્યા ત્યારે ઝલકભાઈને શંકા જતાં તેમણે પોતાના મિત્ર અને વર્કશોપના શેઠ સાથે ચર્ચા કરી ''શ્રી યદુનંદન ગૌશાળા, લીલાપર રોડ, મોરબી''નો સંપર્ક કરતા, જાણવા મળ્યું કે ગૌશાળા તરફથી આવી કોઈ લકી ડ્રો ની જાહેરાત મૂકી નથી. ત્યારે સમગ્ર છેતરપિંડી બાબતે જાણ થતા, ઝલકભાઈએ પ્રથમ ૧૯૩૦ માં સાયબર ક્રાઇમ હેલ્પ લાઈનમાં ફરિયાદ નોંધાવી જે બાદ રૂબરૂ બી ડિવિઝન પોલીસ મથકમાં અજાણ્યા આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા, પોલીસે મોબાઇલ નંબર ધારક, યુપીઆઇડી ધારક તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ આઇટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## સમાચાર સંક્ષીપતમાં

### હળવદના જુના માલણીયાદ ગામે દેશી દારૂ ગાળવાની ચાલુ ભઠ્ઠી ઝડપાયી,આરોપી ફરાર

હળવદ તાલુકાના જુના માલણીયાદ ગામની સીમમાં આરોપી દલસુખ ઉર્ફે દાઉદની વાડીની બાજુમાં ખારી નદીના કાંઠે બાવળની કાંટમાં દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી હાલ ચાલુ હોવાની પૂર્વ બાતમીને આધારે હળવદ પોલીસ ટીમે ઉપરોક્ત સ્થળે દરોડો પાડ્યો હતો, ત્યારે પોલીસે સ્થળ ઉપરથી દેશી દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતો ગરમ આથો ૧૦૦ લીટર, ઠંડો આથો ૪૦૦ લીટર તથા તૈયાર દેશી દારૂ ૫ લીટર એમ મળી કુલ કિ.રૂ.૧૩,૫૦૦/-નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો, પોલીસના દરોડા દરમિયાન આરોપી દલસુખભાઈ ઉર્ફે દાઉદ વિનોદભાઈ કોળી રહે.માલણીયાદ ગામવાળો સ્થળ ઉપર હાજર નહિ મળી આવતા, તેને ફરાર દર્શાવી હળવદ પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તેને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

### માળીયા(મી)માં આઈ-૨૦ કારમાં દેશી દારૂની હેરાફેરી કરતા કાર-ચાલકની અટકાયત

માળીયા(મી)માં આવેલ ત્રણ રસ્તા નજીક આઈ-૨૦ કારમાં દેશી દારૂ લઈ નીકળેલ મોરબીના એક શખ્સની પોલીસ દ્વારા અટક કરવામાં આવી છે, આ સાથે પોલીસે કાર તથા દેશી દારૂનો કિ.રૂ.૨.૫૩ લાખનો મુદ્દામાલ કબ્જે લઈને, પકડાયેલ આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માળીયા(મી) પોલીસ ટીમ વાહન ચેકીંગની કામગીરીમાં હોય તે દરમિયાન કચ્છ તરફથી આવતી નંબર પ્લેટ વગરની આઈ-૨૦ કારને રોકી તેની તલાસી લેવામાં આવી હતી, ત્યારે કારની પાછળની સીટમાં પ્લાસ્ટિકના બાચકામાં ૧૮ લીટર દેશી દારૂનો જથ્થો કિ.રૂ.૩,૬૦૦/-મળી આવ્યો હતો, જેથી તુરંત કાર-ચાલક આરોપી ધનરાજસિંહ સાંતુભા મકવાણા ઉવ.૨૫ રહે. મોરબી વાવડી રોડ શ્રીજી પાર્ક વાળાની અટક કરવામાં આવી હતી, આ સાથે પોલીસે દેશી દારૂ તથા કાર મળી કુલ કિ.રૂ. ૨,૫૩,૬૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી, પકડાયેલ આરોપી સામે માળીયા(મી) પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### મોરબીમાં પતરાની કોઠીમાં વિદેશી દારૂની ૬ બોટલ લઈ નીકળેલ પરપ્રાંતિયની અટક

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ નાઈટ રાઉન્ડ પેટ્રોલિંગમાં હોય ત્યારે રવાપર ઘુનડા રોડ ઉપર ઉજવલા ફાર્મ પાસે પતરાની કોઠી લઈને શંકાસ્પદ હાલતમાં જઈ રહેલા એક શખ્સને રોકી તેની પાસે રહેલ કોઠીની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂ બ્લેન્ડર પ્રાઇડ વ્હિસ્કીની ૬ નંગ બોટલ મળી આવી હતી.

જેથી પોલીસે આરોપી રામારામ જોગારામ ખેરાજરામ સઉ ઉવ.૨૫ રહે. હાલ રવાપર ઘુનડા રોડ જય દ્વારકાધીશ હાઈટ્સ નજીક મોરબી મૂળ રહે.બાટાડુ મેરાજાની ચોકી જી.બાડમેર રાજસ્થાન વાળાની અટક કરવામાં આવી હતી, આ સાથે એ ડિવિઝન પોલીસે વિદેશી દારૂનો જથ્થો કિ.રૂ.૫,૮૭૪/- કબ્જે લઈ આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

### મોરબીના બેલા ગામની સીમમાં ૧૩૬ લીટર દારૂ સાથે એક પકડાયો,મુખ્ય આરોપીનું નામ ખુલ્યું

મોરબી ક્રાઈમ બ્રાંચ તથા પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન તાલુકાના જેતપર રોડ ઉપર બેલા(રં) ગામની સીમમાં મોરલ સીરામીક સામે ખુલ્લી જગ્યામાં પ્લાસ્ટિકના ચાર મોટા બાચકા સાથે રોડ ઉપર બેઠેલ એક ઇસમની પૂછ્તાછ કરી , તેની પાસે રહેલ બાચકાની તલાસી લેતા તેમાંથી ૧૩૬ લીટર દેશી દારૂ કિ.રૂ.૨૭,૨૦૦/- મળી આવ્યો હતો, આ સાથે પોલીસે આરોપી મામદભાઈ ઉર્ફે ડાડો ફતેમામદ કટીયા ઉવ.૨૪ રહે. મોરબી-૨ કાંતિનગર મૂળ રહે.માળીયા(મી) વાળાની અટક કરી હતી, પકડાયેલ આરોપીની વધુ પૂછપરછમાં આ દેશી દારૂનો જથ્થો વેચાણ કરવા માટે આરોપી જુસબ હબીબ જામ રહે. મોરબી-૨ વેજીટેબલ રોડ વાળા એ આપ્યો હોવાનું જણાવતા, પોલીસે તેને ફરાર દર્શાવી, બન્ને આરોપીઓ વિરુદ્ધ તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### મોરબીમાં મહેન્દ્રનગર ચોકડી નજીક વિદેશી દારૂની ૧૦ બોટલ સાથે વેપારીની ધરપકડ,સપ્લાયરની શોધખોળ

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે મહેન્દ્રનગર ચોકડી નજીક આવેલ શુભ કોમ્પ્લેક્ષમાં વેપારી રાજેશભાઇ અઘારાની ઓફિસ નં. ૩૩૯ માં દરોડો પાડતા, ઓફિસમાંથી વિદેશી દારૂ રોયલ ચેલેન્જની ૧૦ નંગ બોટલ મળી આવી હતી.

દરોડા દરમિયાન ઓફીસ-માલીક વેપારી રાજેશભાઇ દલસુખભાઈ અઘારા હાજર મળી આવતા, પોલીસે આરોપીની ધરપકડ કરી છે, પકડાયેલ આરોપી રાજેશભાઈની સઘન પૂછ્તાછમાં આ વિદેશી દારૂનો જથ્થો રાજુભાઇ કોળી રહે.લાલપરવાળો આપી ગયો હોવાની કબૂલાત આપતા, પોલીસે તે આરોપીને ફરાર જાહેર કરી કુલ કિ.રૂ.૧૩,૦૦૦/-નો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરી બન્ને આરોપીઓ વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેરના પ્રતાપગઢ ગામે પવનચક્કીનો ગેટ તોડી 300 કિલોથી વધુ કોપરની ચોરી, પેનલમાં પણ નુકસાની

**મુખ્ય સમાચાર, વાંકાનેર**

વાંકાનેર તાલુકાના પ્રતાપગઢ ગામની સીમમાં આઈનોક્ષ કંપનીની પવનચક્કીનો ગેટ તોડી તેમાંથી કોપર બેસ બાર, કોપર વાયર, કોપર પટ્ટી એમ કુલ 300 કિલોથી વધુ કોપરની ચોરી તથા પેનલમાં પણ નુકસાની કરી અજાણ્યા ચોર ઈસમોએ આશરે રૂ. ૬૫,૦૦૦/-ના માલમત્તાની ચોરી કરી લઈ ગયા હોય, હાલ સિક્યુરિટીમેનની ફરિયાદને આધારે વાંકાનેર તાલુકા પોલીસે અજાણ્યા આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, વાંકાનેર તાલુકાના પ્રતાપગઢ ગામે રહેતા યાકુબભાઈ માહમદભાઈ શેરશીયા ઉવ.૪૩ એ અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ગયી તા.૦૮/૦૫ ના રાત્રીના ૧૧.૩૦ વાગ્યાથી ૦૯/૦૫ રાત્રીના ૧૦ વાગ્યા દરમિયાન પ્રતાપગઢ ગામની સીમમાં ભંગળા તળાવ નજીક આવેલ આઈનોક્ષ કંપનીની ચાર પવનચક્કી માથી - ૦૨ લોકેશન ઉપર આવેલ પવનચક્કીમાથી કોઈ અજાણયા ચોર ઇસમોએ પવનચક્કીના ગેટનો નકુચો તોડીને કન્વટર કેબીનમાથી આશરે ૨૫૦ કિલોગ્રામ કોપર બસ બાર તેમજ અર્થીગનો કોપર કેબલ આશરે ૧૧૦ મીટર જેટલો અલગ અલગ સાઈજનો જેનો વજન આશરે ૫૦ કિલો આમ કોપરનો કુલ વજન ૨૯૦ કિલો તથા આઈસોલેટર હેન્ડલ તથા ટ્રાન્સફોરમરની પાછળ આવેલ કોપરની પટ્ટી વગેરેની કિ.રૂ. ૬૫૦૦૦/- ની ચોરી કરીને લઈ ગયેલ હોય તેમજ પવનચક્કીની પેનલમા તોડફોડ કરી આશરે કિ.રૂ. ૫૦૦૦/- નુ નુકશાન પહોચાડેલ હોય, જે મુજબની ફરિયાદને આધારે વાંકાનેર તાલુકા પોલીસે અજાણ્યા ચોર ઈસમો સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના જોન્સનગરમાં લોહિયાળ અથડામણ બે પરિવાર બાખડી પડયા

### બોલાચાલીના મનદુઃખમાં છરી-તલવારોથી હુમલો; છથી વધુ વ્યક્તિઓ ઘાયલ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના જોન્સનગર વિસ્તારમાં બે પરિવારો વચ્ચે બોલાચાલીના મનદુઃખમાં લોહિયાળ મારામારી સર્જાઈ હતી. છરી અને તલવાર જેવા ઘાતક હથિયારોના હુમલામાં બન્ને પક્ષના છથી વધુ લોકો ઘાયલ થયા હતા. ત્યારે ઘટનાને પગલે હોસ્પિટલ અને ઘટનાસ્થળે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

મોરબી શહેરના જોન્સનગર વિસ્તારમાં બોલાચાલીના મનદુઃખમાં ભયંકર રીતે વાત વધતા બે પરિવારો આમને સામને એકબીજા ઉપર તૂટી પડ્યા હતા. વાતચીતના વિવાદે ઉગ્ર સ્વરૂપ લેતાં એક પરિવાર દ્વારા બીજાના ઘરના લોકોને લક્ષ્ય બનાવી છરી અને તલવાર જેવા ઘાતક હથિયારો સાથે હુમલો કરવામાં આવ્યો હતો. આ લોહિયાળ માથાકૂટમાં બંને પક્ષના છથી વધુ સભ્યો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. ઘાયલોને તાત્કાલિક મોરબીની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં થોડો સમય તંગદિલી ભરેલો માહોલ સર્જાયો હતો. ત્યારે બંને પક્ષના સભ્યો હોસ્પિટલમાં એકઠા થતાં તણાવભર્યો માહોલ સર્જાયો હતો.

ઘટનાની માહિતી મળતાં મોરબી સીટી એ ડિવિઝનના પીઆઈ અને અન્ય પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. આ ઉપરાંત કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સરકારી હોસ્પિટલ ખાતે પણ ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. હાલ પોલીસે બંને પક્ષો સામે ફરિયાદ લેવા તજવીજ શરૂ કરી છે અને સમગ્ર મામલાની ગંભીરતાથી તપાસ હાથ ધરી છે.

# હિટ એન્ડ રન અમરનગર ગામ નજીક આઈસરની ઠોકરે રીક્ષામાં સવાર મહિલાનું મોત

### રીક્ષા ચાલક પતિની નજર સામે પત્નીનું મૃત્યુ, ત્રણ સંતાનો માતા વિહોણા થયા, પરિવાર શોકમાં ગરકાવ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં વધુ એક હિટ એન્ડ રન અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં વાંકાનેરના ઠીકરીયાળા ગામે રહેતો પરિવાર પોતાની સીએનજી રીક્ષા લઈને મોરબી જતા હોય તે દરમિયાન અમરનગર ગામ નજીક સંતકૃપા હોટલ પાસે અજાણ્યા આઈસર ચાલકે પોતાનું વાહન બેફામ અને ગફલતભરી રીતે ચલાવી રીક્ષાને હડફેટે લેતા, રીક્ષા ચાલક સહિત તેની પત્ની અને ત્રણ બાળકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેમાં રીક્ષા ચાલકના પત્નીનું મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માત સર્જી આઈસર ચાલક પોતાનું વાહન લઈને નાસી ગયો હતો.

હિટ એન્ડ રન અકસ્માતની પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર તાલુકાના ઠીકરીયાળા ગામે રહેતા જગદીશભાઈ હમીરભાઈ બેડવા ગઈ તા.૦૬/૦૫ના રોજ પોતાની સીએનજી રીક્ષા રજી.ન. જીજે-૩૬-યુ-૮૬૫૭ માં પત્ની શોભના ઉર્ફે સેજલબેન, દીકરો રીકેન ૧૨વર્ષ, દીકરી વેદિકા ૦૭વર્ષ તથા દીકરો મસ્વી અઢી વર્ષ એમ પરિવાર સાથે વાંકાનેરથી નેકજેન સીરામીક રવાપર(નદી) રોડ ખાતે જી રહ્યા હતા, ત્યારે મોરબી તાલુકાના અમરનગર નજીક સંતકૃપા હોટલ પાસે અજાણ્યા આઇસર ચાલકે પોતાનો ટ્રક ફૂલ સ્પીડમાં ચલાવી આવી રીક્ષાને ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો, જે અકસ્માત સર્જી આઇસર ચાલક પોતાનો ટ્રક લઈને નાસી ગયો હતો, ત્યારે જગદીશભાઈ સહિત પરિવારના તમામ સભ્યોને ૧૦૮ મારફત મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે સારવારમાં ખસેડાયા હતા. જ્યાં જગદીશભાઈના પત્ની શોભના ઉર્ફે સેજલબેનને માથાના ભાગે તથા ગળાના ભાગે ગંભીર ઇજા પહોચતા, ડોક્ટરે તેમને જોઈ તપાસી મરણ ગયાનું જાગેર કર્યું હતું, જ્યારે જગદીશભાઈને માથામાં અને પગમાં તથા ત્રણેય બાળકોને ગંભીર ઇજાને કારણે ચારેયને વધુ સારવાર અર્થે રાજકોટ રીફર કર્યા હતા. હાલ સમગ્ર અકસ્માતના બનાવ મામલે જગદીશભાઇના મોટાભાઈ હરેશભાઇ હમીરભાઈ બેડવાની ફરિયાદને આધારે તાલુકા પોલીસે આરોપી અજાણ્યા આઇસર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેને પકડી લેવા તજવીજ શરૂ કરી છે.

# મચ્છુ-૨ ડેમ પર નવા પંપ ઈન્સ્ટોલેશન માટે આજે ૧૨ કલાકનું શટડાઉન,શહેરમાં પાણી વિતરણ અનિયમિત રહેશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા મચ્છુ-૨ ડેમ ખાતે ૨૫૦ એચપીના બે નવા પંપ લગાડવાના કામ માટે ૧૪ મેના રોજ પાણી પુરવઠો બંધ રહેશે. ત્યારપછીની ૨ દિવસ પાણી વિતરણ વ્યવસ્થા અનિયમિત રહેશે, જેની શહેરવાસીઓએ નોંધ લેવા મહાનગરપાલિકા દ્વારા અનુરોધ કરાયો છે.

મોરબી મહાનગરપાલિકાના વોટર વર્કસ વિભાગ દ્વારા શહેરના પાણી પુરવઠા પ્રણાલીને વધુ અસરકારક બનાવવા માટે મચ્છુ-૨ ડેમ હેડ વર્કસ ખાતે ૨૫૦ હોર્સપાવરના બે નવા પંપ ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે. આ પંપને કાર્યરત કરવાની પ્રક્રિયામાં ની ચાલુ લાઈનમાં જોડાણ માટે લાઈનમાં શટડાઉન લેવાનું રહેશે. આ મહત્ત્વની કામગીરી તા.૧૪/૦૫ના રોજ સવારે ૮૦૦થી રાત્રિના ૮૦૦ સુધી હાથ ધરવામાં આવશે. જેથી આ સમયગાળા દરમિયાન મચ્છુ-૨ ડેમમાંથી પાણી ઉઠાવી શકાશે નહીં. જેથી તા.૧૪/૦૫ના બપોરે ૧૨૦૦ કલાકથી તા.૧૫/૦૫ના સવારના ૬૦૦ વાગ્યા સુધી મોરબી શહેરના તમામ વિસ્તારોમાં પાણી પુરવઠો સંપૂર્ણપણે બંધ રહેશે.

મહાનગરપાલિકા દ્વારા જણાવાયું છે કે આ પછીની સ્થિતિ સામાન્ય થવામાં પણ સમય લાગશે. પાણી વિતરણ વ્યવસ્થા સંપૂર્ણપણે પુનઃસ્થાપિત થવામાં અંદાજે ૪૮ કલાક જેટલો સમય લાગશે. તેથી તા.૧૫ તથા ૧૬ મેના રોજ પાણી વિતરણ અનિયમિત રીતે થશે. ત્યારે મહાનગરપાલિકા તરફથી જાહેર જનતાને આ સમયગાળા દરમિયાન સહકાર આપવા વિનંતી કરી છે.

# લ્યો બોલો! મોરબી તાલુકા પોલીસ મથક સામે નવા બનતા ઓવરબ્રિજ નીચેથી કેબલ અને જોઈન્ટ ક્લોઝરની ચોરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહારાણા પ્રતાપ સર્કલ નજીક તાલુકા પોલીસ મથકની સામે નવા બનતા ઓવરબ્રિઝની નીચેથી કોઈ અજાણ્યા ચોર ઈસમો ૨૦૦ મીટર કેબલ તેમજ સાથેનું જોઈન્ટ ક્લોઝર એમ કુલ ૧૬ હજારની કિંમતના મુદામાલની ચોરી કરી લઈ ગયા અંગે ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ૧૧૪ નેટવર્ક કંપનીના લોકલ નાયક અરવિંદસિંગ કરણસિંગ લોધી ઉવ.૩૭ એ બી ડિવિઝન પોલીસ મથકમાં અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ગઈ તા.૧૨/૦૫ ના રાત્રીના ૧૧ વાગ્યાથી ગઈકાલ તા.૧૩/૦૫ના ૨ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન મહારાણા સર્કલ મોરબી તાલુકા પોલીસ સ્ટેશન પાસે નવા બંધાતા બ્રીજ નીચેથી સરકારી કચેરીના એલ.એન.ટી. કંપની દ્વારા નાખેલ એન.એફ.એસ.ઓ.એફ.સી. (કેબલ) આશરે મીટર ૨૦૦ જેની કિ.રૂ.૧૪,૦૦૦/- તથા તેની સાથે લાગેલ જોઈન્ટ ક્લોઝર જેની કિ.રૂ.૨૦૦૦/- જેની કુલ કિ.રૂ.૧૬,૦૦૦/- ના મુદામાલની કોઇ અજાણ્યો ચોર ઇસમ ચોરી કરી લઇ ગયા હોવાની ફરિયાદને આધારે બી ડિવિઝન પોલીસે આરોપી અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ ચલાવી છે.

# RMC યોગ સેન્ટરને આઠ વર્ષ પૂર્ણ થતા દેશભક્તિના ભાવ સાથે કરાઈ ગરિમાપૂર્ણ ઉજવણી





### માતૃશક્તિ મજબૂત નહીં થાય તો ભવિષ્યમાં દેશને બચાવી નહીં શકાયઃ રાજુભાઈ ધ્રુવ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રેસકોર્સ ખાતે આવેલ ઈન્ડોર સ્ટેડિયમની બાજુમાં ચાલી રહેલ આરએમસ યોગ સેન્ટરને આઠ વર્ષ પૂર્ણ થતા દેશભક્તિના ભાવ સાથે ગરિમા પૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી . આયોગ સેન્ટરના છેલ્લા આઠ વર્ષથી મોનાબેન ઠક્કર તેમજ દિવ્યાબેન આચાર્ય દ્વારા બિલકુલ નિસ્વાર્થ ભાવે નિશુલ્ક ચલાવવામાં આવી રહ્યું છે આ યોગ સેન્ટરમાં ૧૩૫ થી વધુ સભ્યો નિયમિત યોગ પ્રાણાયામ નો અભ્યાસ યોગગુરૂ મોનાબેન તેમજ દિવ્યાબેન ના માર્ગદર્શન હેઠળ કરી રહ્યા છે

ગત તારીખ ૮ના આ યોગ સેન્ટરે આઠ વર્ષ પૂર્ણ કરી નવમા વર્ષમાં મંગલ પ્રવેશ કરેલ છે જેની ગરીમા પૂર્ણ ઉજવણી કરાઈ હતી આ પ્રસંગે સૌરાષ્ટ્ર કચ્છના ભાજપના પ્રવક્તા રાજુભાઈ ધ્રુવ તેમજ પતંજલિના નટુભાઈ ચૌહાણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા નોંધનીય બાબત ઍ છે કે જોગાનુંજોગ આ યોગ સેન્ટરની નવમાં વર્ષમાં મંગલ પ્રવેશ ની ઉજવણી સમયે જ ભારતીય સૈન્યે પાકિસ્તાનમા આતંકીઓના નવ ઠેકાણે ધ્વંસ કર્યા હતા તેમજ સો થી વધુ આતંકીઓને મોતને ઘાટ ઉતાર્યા હતા

નવમા વર્ષના મંગલ પ્રવેશ નિમિત્તે યોગ સેન્ટરના સભ્યો દ્વારા ગીત સંગીત ડાન્સ સૂર્ય નમસ્કાર અને વિવિધ યોગનું ડેમોસ્ટ્રેશન પ્રસ્તુત કરાયું હતું આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા રાજુભાઈ ધ્રુવે જણાવ્યું હતું કે મ્યુનિસિપલ કોર્પોરેશનના આ પટાંગણમાં યોગ અને પ્રાણાયામ નો છેલ્લા આઠ વર્ષથી અભ્યાસ થાય છે તે બાબત ખરેખર આવકારદાયક છે સમગ્ર વિશ્વમાં ભારતજ એવો દેશ છે કે જ્યાં યોગનો અભ્યાસ વર્ષ દરમિયાન ચાલે છે તેઓએ આરએમસી યોગ સેન્ટરમાં આવતા સદસ્યોને શુભેચ્છા પાઠવી હતી વધુમાં જણાવ્યું હતું કે આવનારા સમયમાં માતૃશક્તિ મજબૂત નહીં બને તો દેશને બચાવી નહીં શકીએ પહેલગામ હુમલો તેનું જીવતું જાગતું ઉદાહરણ છે મન અને શરીરની સાથે રાષ્ટ્રપ્રેમને પણ મજબૂત કરીએ આપણે દેશભક્તિ અને રાષ્ટ્રભાવનાને પ્રબળ બનાવીએ. તેઓએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે નરેન્દ્રભાઈ મહામાનવ છે તેઓ જે મજબૂતી સાથે દેશને આગળ વધારી રહ્યા છે તેમાં આપણે પણ સહયોગ આપી તેઓના હાથ મજબૂત બનાવીએ. પ્રસંગને અનુરૂપ નટુભાઈ ચૌહાણ દ્વારા પણ સેન્ટરને આઠ વર્ષ પૂર્ણ થતા શુભેચ્છા પાઠવવામાં આવી હતી કાર્યક્રમની શરૂઆતમાં મોનાબેન તેમજ દિવ્યાબેન દ્વારા મહેમાનોનું મોમેન્ટો આપી સ્વાગત કરાયું હતું.

# રાજકોટ જિલ્લાના જાળીયા ગામ ખાતે આંગણવાડીનું લોકાર્પણ કરવામા આવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**
**અહેવાલ નિલેશ સોલંકી**

આંગણવાડી 'નંદઘર' એક એવું સ્થળ છે જે બાળકને શૈશવની શ્રેષ્ઠ સ્મૃતિ આપે છે, આવી જ એક આંગણવાડીના કેન્દ્ર નું રાજકોટના જીલ્લા પંચાયત ના બેડી ૩ ની સીટ નુ ગામ જાળીયા ગામ ખાતે લોકાર્પણ કરીને કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો તથા ગ્રામ્યજનોને સંબોધન કર્યું.

પ્રત્યેક બાળકને પાયાની કેળવણી ઉત્તમ રીતે અપાય, તેમનો સામાજિક વિકાસ સુદ્રઢ બને અને તેમનું બાળપણ આનંદમય વાતાવરણમાં પસાર થાય તે માટે રાજ્ય સરકાર નિષ્ઠાપૂર્વક કાર્ય કરી રહી છે.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન સંજયભાઈ રંગાણી, જિલ્લા પંચાયત બેડી સીટ પ્રતિનિધિ રાજાભાઈ ચાવડા,







માર્કેટિંગ યાર્ડ ડિરેક્ટર જે.કે.પીપળીયા, સરપંચ, વિભાગના અધિકારીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# 'ડાંગની ઓર્ગૅનિક વસ્તુઓનો રાજકોટમાં ખજાનોઃ રાજેશ કારિયા પ્રસ્તુત વેબસાઈટ પર પુષ્કળ માહિતી

**બી.એસ.એન.એલ.ના નિવૃત અધિકારી રાજેશ કારિયા સંચાલિત શ્રીનાથ નેચરલ દ્વારા ઓગૈનિક વસ્તુઓ અંગે લોકોની જાણકારી માટે તૈયાર કરવામાં આવેલ વેબસાઈટ www.shreenathnatural.comનું લોકાર્પણ**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રૈયા રોડ પર આઝાદ્ ચોકથી કાલાવડ રોડ પર જતા. બીઝનેસ કોર્નર બિલ્ડીંગમાં દુકાન નં.૮ માં શ્રી રાજેશ કારિયા દ્વારા ડાંગ જિલ્લામાં ઉત્પાદિત વિવિધ વસ્તુઓ શ્રીનાથ નેચરલ નામથી ચાલતા વ્યવસાયિક કેન્દ્ર પરથી વેચાણ કરવામાં આવે છે. લોકોને આરોગ્યની જાળવણીમાં ઉપયોગી સંપુર્ણ ઓર્ગૅનિક વસ્તુઓ મળી રહે તેવો તેમનો ધ્યેય છે. તેમણે ઓર્ગૅનિક ચીજ વસ્તુઓ અંગે લોકોને ઉપયોગી માહિતી મળી રહે તે માટે ખાસ વેબસાઈટ બનાવી છે. વેબસાઇટનું લોકાર્પણ કરાયું છે.

રાજેશ કારિયાએ જણાવેલ કે ડાંગ જિલ્લામાં આદિવાસી ખેડૂતો દ્વારા પરંપરાગત પદ્ધતિ થી ઓર્ગૅનિક ખેતી કરવામાં આવે છે. આ આદિવાસી વિસ્તારો ખેતરો, પહાડોને અડીને આવેલા હોઈ, ચોમાસામાં વરસતો વરસાદ પહાડો પરથી મિનરલ્સ આ ખેતરોમાં દરેક વર્ષે કુદરતી રીતે ઠાલવતા હોય છે. આવા ખેતરોમાં થતા અનાજ, ફળફળાદી, તેજાનાઓ તેમજ ઔષધીય વનસ્પતિઓમાં ખનિજ તત્વોનું પ્રમાણ સવિશેષ હોય છે. ગુજરાત રાજ્યના એકમાત્ર ઓર્ગનિક જીલ્લા એવા ડાન્ગના પહાડી વિસ્તારોમાં ઉત્પન્ન થતાં વિવિધ પ્રકારના પાકો, એ પાકોનું એકત્રીકરણ કરી ડાંગના વિસ્તારોમાં વેચાણ કરનારા બહેનોના સખી મંડળો, સહકારી આયુર્વેદિક મંડળી તેમજ ડાંગના આદિવાસી ખેડૂતો પાસેથી સીધું રાજકોટ શહેરમાં અમો આપસૌ સમક્ષ રજૂ કરીએ છીએ.

**સંપૂર્ણ ઓર્ગૅનિક વસ્તુઓ**

**ઔષધોઃ** ડાંગ જીલ્લાનો મહત્તમ વિસ્તાર જંગલો અને પહાડો ધરાવે છે. આ જંગલોમાં સ્વયંભૂ ઉગતી ઔષધીય વનસ્પતિઓને, આ વિસ્તારના આદિવાસી બંધુઓ ડાંગમાં જ આવેલી આયુર્વેદિક દવાઓ બનાવતી સહકારી મંડળીમાં આપે. આ મંડળીમાં પ્રાચિન આયુર્વેદિક પધ્ધતિ અનુસાર વિવિધ ઔષધિઓ (છાણા, લાકડાની અગ્નિ બળતણ દ્વારા) બનાવવામાં આવે છે. આ આયુર્વેદિક ઔષધિ મંડળી પાસેથી આયુષ મંત્રાલય દ્વારા કોરોનાકાળ સમય દરમિયાન, ગોળીઓ તેમજ કાઢાના પાવડર ખરીદી લોકોને વિતરણ કરવામાં આવ્યું હતું.

**મધઃ** ગુજરાતના વિવિધ વિસ્તારોનાં જંગલોમાં વિસ્તાર પ્રમાણે અલગ અલગ પ્રકારની વનસ્પતિઓ હોય છે આ વિસ્તારોમાં મધમાખીઓ સમેત મધમાખીની પેટીઓ રાખી તે વિસ્તારોમાં થતી વનસ્પતિઓનુ મધ, મધમાખીઓ દ્વારા એકત્રિત કરવામાં આવે છે, જેથી આપણને અલગ અલગ સ્વાદનુ સંપુર્ણ કુદરતી મધ મળે છે. તે મધ કેન્દ્રથી મંગાવી આપણે અપણા રાજકોટ શહેરમાં વેચાણ કરીએ છીએ. જેમકે અજમા,સુવા,ધાણા,વરીયાળી,રાઈ,કાશ્મીરી,બાવળ,હર્બલ,તેમજ અન્ય .

**અનાજ, મસાલા, તેજાનાઓ, તેમજ આદવાસીઓ નિર્મિત પરંપરાર્ગત ઔષધીઓઃ** જંગલોમાંથી ઔષધીય વનસ્પતિઓ લાવે તેમજ પોતાના ખેતરોમાં હળદર, મરી, મરચાં, આદુ, નાગલી, વરી, વિવિધ પ્રકારના ચોખા ઉત્પાદિત કરી ડાંગ જીલ્લામાં આવેલ સેન્ટરોને આપે. જેવાં બહેનોના સ્વસહાય જૂથ દ્વારા વિવિધ ખાધ પદાર્થો બંને છે. આ સેન્ટર પાસે અમો દ્વારા આ સંપૂર્ણ ઓર્ગૅનિક વસ્તુઓ મંગાવી રાજકોટશહેરમાં વેચાણ કરીએ છીએ.

**પાપડઃ** વાસદા તાલુકાના સીતાપુર ગામમાં રામકૃષ્ણ સંવેદના ટ્રસ્ટ દ્વારા ગરીબ આદિવાસી બહેનોને સ્વરોજગાર મળી રહે. એવા હેતુથી, ટ્રસ્ટ દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ પૈકી, હાથવણાટના પાપડ બનાવવામાં આવે છે. વિવિધ પ્રકારના સ્વાદવાળા આ પાપડોનું ઉત્પાદન આદિવાસી બહેનો માટે રોજગારીનું સાધન બને એમાં સહભાગી થવા, અમે આ ઉત્તમ ગુણવત્તાના પાપડ રાજકોટમાં વેચાણ કરવામાં આવે છે.

ઉપરાંત નેચરલ અન્પોલીશડ મીલેટ્સ (positive,neutral,અન્ય )અને તૈયાર થયેલ હળદર, મરચુ, મગ, બિસ્કીટ, દેશી ગોળ, ધાણાજીરૂ, અરીઠા, ચોખા, વેફર, ગરમ મસાલો, અથાણાનો મસાલો, સુઠ પાવડર, આયુર્વેદ દવાઓ, લસણની ચટણી વગેરે આ દુકાનમાં વેચાણ માટે ઉપલબ્ધ છે.

શ્રીનાથ નેચરલ દ્વારા તૈયાર કરાવાયેલ વેબસાઈટમાં ઓર્ગૅનિક વસ્તુઓના ભાવ સહિતની પુષ્કળ માહિતી મુકવામાં આવી છે.

## રાજકોટ જિલ્લા ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક ૧૭ મેના રોજ યોજાશે

ગુજરાત સરકારની સૂચના મુજબ જિલ્લા કક્ષાની ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠક દર માસના ત્રીજા શનિવારે યોજવામાં આવે છે. જે મુજબ રાજકોટ જિલ્લા કક્ષાની ફરિયાદ સહ સંકલન સમિતિની મે માસની બેઠક તા. ૧૭ મે, ૨૦૨૫ના રોજ શનિવારે સવારે ૧૧ કલાકે જિલ્લા કલેક્ટર કચેરીના મુખ્ય સભા ખંડ ખાતે યોજવામાં આવશે, જેની સમિતિના સભ્યોએ નોંધ લેવા કલેક્ટર કચેરીની યાદીમાં જણાવાયું છે.

## ગોંડલ તાલુકામાં ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અન્વયે રૂ. ૩.૭૩ લાખના વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી

રાજકોટ જિલ્લામાં સરકારના ઓગ્મેન્ટેશન ઇન જનરલ રૂરલ એરીયા કાર્યક્રમના અમલીકરણ માટે જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ કાર્યરત છે. જેની બેઠકમાં કલેક્ટરશ્રી પ્રભવ જોષીના અધ્યક્ષસ્થાને ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અન્વયે કુલ રૂ. ૫૧,૨૪,૨૪૩ના વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ છે. જે પૈકી ગોંડલ તાલુકાના રૂ. ૩,૭૩,૦૬૮ના વિકાસ કાર્યોને સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ છે. આગામી દિવસોમાં આંબરડી ગામમાં રૂ. ૧,૨૪,૨૦૮ના ખર્ચે, બેટાવડ ગામમાં રૂ. ૬૨,૭૧૭ના ખર્ચે અને નાના મહિકા ગામમાં રૂ. ૧,૮૬,૧૪૩ના ખર્ચે હયાત બોર પર પમ્પિંગ મશીનરીની કામગીરી થશે, તેમ જિલ્લા જળ અને સ્વચ્છતા એકમની યાદીમાં જણાવાયું છે.

# ગીર ગઢડા તાલુકા પંચાયતના પ્રમુખ, TDO અને સમગ્ર સ્ટાફ દ્વારા દેશનાં સૈનિકો માટે બ્લડ ડોનેટ કરાયું



**મુખ્ય સમાચાર, ઉના**
**અબ્દુલ પઠાણ**

દેશની તાજેતર ની પરિસ્થિતિને ધ્યાને રાખી જિલ્લા વહિવટી તંત્ર દ્વારા ભારતીય સેનાની મદદ માટે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ગીર ગઢડા તાલુકા પંચાયત પ્રમુખ ભગવતીબેન સાંખટ, જિલ્લા ભાજપ અજા મોરચાનાં જિલ્લા પ્રમુખ પ્રવીણભાઈ સાંખટ, તાલુકા વિકાસ અધિકારી આર એમ ત્રિવેદી , મદદનીશ તાલુકા વિકાસ અધિકારી ડી જે રામ , તાલુકા પંચાયત સ્ટાફ ગણ, તલાટી મંત્રીઓ, સરપંચઓ તેમજ ગીર ગઢડા તાલુકાના ગ્રામ્ય વિસ્તાર માથી મોટા પ્રમાણમાં લોકો જોડાય બ્લડ ડોનેટ કર્યું.

# આઈપીએલમાં વિદેશી ખેલાડીઓને પાછા લાવવા ક્રિકેટ બોર્ડની કવાયત

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

૧૭ મેથી ફરી નું શાનદાર પ્રદર્શન શરૂ થશે. બાકીની ૧૭ મેચો હવે છ શહેરોમાં યોજાશે. બીસીસીઆઈ માટે સૌથી મોટો પડકાર વિદેશી ખેલાડીઓને ટીમોમાં પાછા લાવવાનો છે.

મોટાભાગના વિદેશી ખેલાડીઓ સ્વદેશ પરત ફર્યા છે. ભારતીય બોર્ડે વિદેશી બોર્ડ પર તેમને પાછા મોકલવા માટે દબાણ કરવાનું શરૂ કર્યું છે. હવે જોવાનું એ રહે છે કે કેટલા ખેલાડીઓ પાછા ફરે છે.

ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકાના ખેલાડીઓ વિશે વધુ શંકા છે કે તેઓ પાછા આવશે કે નહીં.



આનું કારણ એ છે કે આ બંને ટીમોએ ૧૧ જૂનથી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઇનલ રમવાની છે, જે લીગ સમાપ્ત થયાના એક અઠવાડિયા પછી શરૂ થશે.

જોકે, ઓસ્ટ્રેલિયાએ પાછા ફરવાનો કે ન આવવાનો નિર્ણય તેના ખેલાડીઓ પર છોડી દીધો છે.

બીસીસીઆઈના ટોચના અધિકારીઓએ ખેલાડીઓને પાછા લાવવાની જવાબદારી આઈપીએલના સીઓઓ હેમાંગ અમીનને સોંપી છે.

સુરક્ષા ચિંતાઓને દૂર કરવા માટે તેમને ક્રિકેટ ઓસ્ટ્રેલિયા (સીએ) અને ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ સાથે વ્યક્તિગત રીતે વાત કરવા કહેવામાં આવ્યું છે.

બીસીસીઆઈના એક અધિકારીએ જણાવ્યું હતું કે, અમે વિદેશી બોર્ડ સાથે ખાનગી રીતે વાત કરી રહ્યા છીએ. ટીમ તેના ખેલાડીઓ સાથે સીધા સંપર્કમાં છે. અમને આશા છે કે, મોટાભાગના પાછા આવશે. કેટલાક વિદેશી ખેલાડીઓ હજુ પણ ઘટનાને પગલે ચિંતિત છે પરંતુ મોટાભાગના પાછા ફરે તેવી શક્યતા છે. દક્ષિણ આફ્રિકાના ઓલરાઉન્ડર માર્કો જેન્સન પરત ફરી શકે છે.

# સેના મજબૂત હતી... તો દેશનો પ૬ ઇંચની છાતી ધરાવનાર 'ચોકીદાર' કેમ પાછે પડ્યો ?ઃ ઇન્દ્રનીલ રાજગુરુ

### પાકિસ્તાન સાથેના યુદ્ધ વિરામ અંગે પત્રકાર પરિષદને સંબોધતા પૂર્વ ધારાસભ્ય

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અતુલ રાજાણી ની યાદી મુજબ આજરોજ રાજકોટ શહેર કોંગ્રેસ કાર્યાલય ખાતે સવારે ૧૦૦૦ વાગે તાજેતરમાં શહીદ થયેલા દેશના વીર જવાનોને કોંગ્રેસ સમિતિના શહેરના જાગનાથ પ્લોટ ખાતેના કાર્યાલયે તમામ આગેવાનો દ્વારા હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ, પુષ્પાંજલિ નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ત્યારબાદ રાજકોટ શહેરના પૂર્વ ધારાસભ્ય ઇન્દ્રનીલભાઈ રાજગુરુ દ્વારા કોંગ્રેસ કાર્યાલય ખાતે એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. પત્રકારોને સંબોધતા રાજગુરુ એ સૌ પ્રથમ શહીદ વીર જવાનોને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ પાઠવતા જણાવ્યું હતું કે દેશ પૂછે છે ભારતીયો જાણવા માંગે છે. લશ્કરના બહાદુરો તૈયાર હતા. શેના મજબૂત હતી તો દેશનો ૫૬ ઇંચની છાતી ધરાવનાર ચોકીદાર કેમ પાછો પડ્યો ?

જય જવાન, જય કિસાન.. આ સૂત્ર કેમ ભુલાયું ? લશ્કર અને સેનાપતિઓ અને સેનાનો દરેક જવાન તૈયાર હતો દેશના દરેક નાગરિકો, આતંકવાદીઓએ કરેલા હુમલામાં મૃત્યુ પામેલા પરિવારજનો સાથે ઉભા હતા સમગ્ર દેશ સરકાર સાથે કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા એકદમ લીડર થઈને ઉભો હતો. દરેક દેશવાસીઓની લાગણી હતી કે દુશ્મન દેશને ક્યારેય ભૂલી ન શકે એવી સજા થવી જોઈએ આતંકીઓના સહયોગીને છઠ્ઠીનું ધાવણ યાદ આવી જાય એવી આક્રમક પ્રતિક્રિયા સરકારે આપવી જોઈએ દેશને ૫૬ ઇંચની છાતી ધરાવતા વડાપ્રધાન મળ્યા હતા પરંતુ અફસોસ કે દરેક લોકો તૈયાર હતા પણ તે ચોકીદારની ૫૬ ઇંચની છાતીના પાટીયા ભિસાઈ ગયા. દેશના દરેક લોકો કહેતા હતા કે પાકિસ્તાન બે ભાગલા કરી નાખો પરંતુ તેમને તો શસ્ત્રો હેઠા જ મૂકી દીધા અને શસ્ત્ર વિરામ સ્વીકારી લીધું




તસવીર : આનંદ જાવીયા

શ્રદ્ધાંજલિના કાર્યક્રમમાં શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, ગાયત્રીબા વાઘેલા, જસવંતસિંહ ભટ્ટી, તુષારભાઈ નંદાણી, સંજયભાઈ અજુડીયા, દિપ્તીબેન સોલંકી, યુનૂશભાઈ જુણેજા, રાજદીપ સિંહ જાડેજા, ભાવેશભાઈ બોરીચા, ગજેન્દ્રસિંહ ઝાલા, કેતનભાઇ તાળા, અહેસાનભાઈ ચૌહાણ, બિંદીયાબેન તન્ના, નાગજીભાઈ વિરાણી, ચંદ્રિકાબેન વરાણીયા, સુરેશભાઈ ગેરૈયા, જયાબેન ચૌહાણ, જીગ્નેશભાઈ બોરડ, શાંતાબેન મકવાણા, જીતુભાઈ ઠાકર, ડી.પી મકવાણા, કૈલાસબેન વાઘેલા, અશોક સિંહ વાઘેલા, મનીષાબા વાળા સહિતના કોંગ્રેસના આગેવાનોએ વીર જવાનોને શ્રદ્ધાંજલિ પાઠવી પુષ્પાંજલિ કરી હતી.

## અગાસી પરથી દોરડું નાખતી વખતે વીજશોક લાગતા કામદારનું થયું મૃત્યુ

જામનગરના એક ઔદ્યોગિક વિસ્તારમાં ત્રણ સપ્તાહ પૂર્વે એક કર્મચારી અગાસી પરથી દોરડું નાખતા હતા ત્યારે તેઓને વીજ કરંટ લાગ્યો હતો. આ કામદારનું વધુ સારવાર દરમિયાન અમદાવાદ હોસ્પિટલમાં ખસેડાયા પછી મૃત્યુ નિપજ્યું છે.જામનગરના ગોકુલનગર નજીકના પટેલ એસ્ટેટમાં આવેલા એક કારખાનામાં ત્રણ સપ્તાહ પૂર્વે અજયભાઈ નવીનભાઈ ભુવા નામના પટેલ કર્મચારી કામ કરતા હતા ત્યારે અગાસી પરથી દોરડું નાખવા માટે સૂચના આપવામાં આવતા આ કર્મચારી અગાસીએથી દોરડુ નાખી રહ્યા હતા.આ વેળાએ પાંચેક ફૂટ દૂરથી પસાર થતી વીજ કંપનીની હાઈટેન્શન લાઈનમાં ચુંબકીય અસરના કારણે તણખો થયા પછી અજય ભાઈને જોરદાર વીજ આંચકો લાગ્યો હતો. તેના કારણે પટકાઈ પડેલા અજયભાઈને ગંભીર ઈજા થઈ હતી.સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલા આ કર્મચારીનું મૃત્યુ નિપજ્યું છે. ખીજડા મંદિર સાથે જોડાયેલા આ પ્રૌઢ તેમના પત્ની અને બે સંતાનને રડતા છોડી ગયા છે. શહેરી વિસ્તારમાં જોખમી હાઈટેન્શન વીજલાઈન નીચે થતાં આડેધડ બાંધકામના કારણે સુરક્ષાનો પ્રશ્ન જોખમી અને ગંભીર બની રહ્યો છે.

# મનપાના પૂર્વ ટીપીઓ સાગઠીયાની ઈડીએ જપ્ત કરેલ ૨૧ કરોડની મિલ્કતો ટ્રાન્સફર નહીં કરવા રાજકોટ કોર્ટમાં અરજી


### આ કેસ અંગે વધુ કાર્યવાહી તા.૨૬ને રવિવારે હાથ ધરવામાં આવશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડના આરોપી ટીપીઓ મનસુખ સાગઠીયાની ૨૧ કરોડની મિલ્કતો ઈડીએ ટાંચમાં લીધી હતી. સાગઠીયાની મિલ્કર્તા જપ્તીમાં લીધાના ઈડીના હુકમની નકલ રાજકોટની એસીબીએ કોર્ટને મોકલી આગળની કાર્યવાહી ન કરવા રજુઆત કરવામાં આવી છે.

ગત.તા.૨૮/૫/૨૦૨૪ના ટીઆરપી ગેમ ઝોનના કેસમાં મુખ્ય આરોપી ટાઉન પ્લાનીંગ અધિકારી મનસુખ સાગઠીયાની રૂ.૨૧ કરોડની મિલ્કતો પ્રિવેન્સન ઓફ મની લોન્ડરીંગ એકટની કલમ-૫ હેઠળ જપ્તીમાં લીધા બાદ, ભ્રષ્ટાભાર નિવારણ અધિનિયમની કલમો હેઠળ આગળની કોઈ કાર્યવાહી ન કરવા દિલ્લીની એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટે રાજકોટની એસીબીએ ખાસ કોર્ટને લેખીત અરજ કરેલ છે.

ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ મનપાના ટાઉન પ્લાનીંગ ઓફીસર મનસુખ ધનજીભાઈ સાગઠીયાની ભુમિકા હોવાનું ખુલતા તેની સામે એક સાથે ૩ ફોજદારી કેસો નોંધાયેલા હતા.જેમાં ભ્રષ્ટાચાર નિવારણ કાયદા હેઠળ એક કેસ અને ભારતીય દંડ સહિતના હેઠળ બે કેસો નોંધાયા છે.



કેસોની તપાસ દરમ્યાન જાણવા મળ્યું કે ટીપીઓ સાગઠીયાએ ૨૮ કરોડની અપ્રમાણસર મિલ્કતો ધારણ કરેલ છે. અને પોતાની પત્નિ-પુત્રના નામે વસાવેલ હતી.તથા એક સ્થાવર મિલ્કતમાં તેમના પુત્ર કેયુરએ અલ્પેર રણછોડભાઈ ચાવડા નામના વ્યકિત સાથે સહમાલીકી રાખેલ હતી.દરમ્યાન એસીબીએ એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટને જાણ કરતા જેથી ઈડીએ તપાસ હાથ ધરતા ટીપીઓ સાગઠિયાએ તેના પત્નિ ભાવનાબેન, પુત્ર કેયુર અને અલ્કેશ રણછોડભાઈ ચાવડા નામના વ્યકિતઓના નામે મિલ્કતો વસાવેલ હતી.જેમાં મિલ્કતો, જમીનો કિંમતી ઘરેણા, વિવિધ બેંકોમાં ફિકસ ડીપોઝીટ સહિત કિ.રૂ.૨૧,૬૧,૫૯, ૧૨૯ ઈડીએ જપ્ત કરેલ હતી.

હાલનો કેસ રાજકોટ એસીબીએ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ દાખલ કરી આરોપીની મિલ્કત કોર્ટ કસ્ટડીમાં સોપેલ હતી.આ મિલ્કતો કોર્ટની કસ્ટડીમાં હોવાથી ઈડીઆ અરજી કરી કોર્ટને જણાવેલ છે કે પીએમએલ એકટની કલમ-૮ હેઠળ હાલનો કેસ દિલ્લીમાં એડજયુડીકેટીંગ ઓથોરીટી સમક્ષ ચાલવાપાત્ર હોય આ મિલ્કતો અંગે ટ્રાન્સફરનો કોઈ હુકમ ન કરવા અરજ કરેલ છે. આ અંગેની આગળની કાર્યવાહી માટે તા.૨૬ના રોજ રાખેલ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ૪.૧૩ કરોડના લોન કૌભાંડમાં આરોપી હિતેન્દ્રસિંહ સુખદેવસિંહ ઝાલાને રાજકોટ એડી. સેશન્સ કોર્ટે ચાર્જશીટ પહેલા રેગ્યુલર જામીન પર મુક્ત કર્યા

## બોગસ દસ્તાવેજ બનાવી કરોડો રૂપિયાની છેતરપિંડી કરવાના ગુન્હામાં મીન્ટી ફી ફીનસર્વ પ્રા.લી. બ્રાન્ચ મેનેજરની ચાર્જશીટ પહેલાની જામીનઅરજી મંજુર કરતી રાજકોટ સેશન્સ કોર્ટ



વકિલ-રૂપરાજસિંહ પરમાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

તારીખ ૩૧/૦૩/૨૦૨૫ના રોજ રાજકોટ શહેર ગાંધીગ્રામ-૨(યુની) પોલીસ સ્ટેશનમા આ કામના ફરિયાદી મીન્ટી ફી ફીનસર્વ પ્રા.લી. ના ગુજરાત રાજ્યના લીગલ મેનેજર ચંદ્રેશભાઈ મોટુમલભાઈ જોબનપુત્રાએ આ કામના આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ આપેલ કે, આ કામના આરોપી મીન્ટી ફી ફીનસર્વ પ્રા.લી. રાજકોટ બ્રાન્ચ મેનેજર હિતેન્દ્રસિંહ સુખદેવસિંહ ઝાલાએ પોતાના અંગત લાભ અર્થે કસ્ટમરોને લોન આપવા કસ્ટમરો પાસેથી ખોટા બીલો તથા બોગસ રેકોર્ડ જેવા કે મશીનરીના ખોટા બિલો સરકારી રેકોર્ડ એવા ગ્રામ પંચાયતના દાખલાઓ મેળવી તે ખોટા રેકોર્ડનો સાચા રેકોર્ડ તરીકે ઉપયોગ કરી કસ્ટમરોને કુલ રૂ.૪,૧૩,૩૧,૫૧૭/-(ચાર કરોડ તેર લાખ એકત્રીસ હજાર પાચસો સતર રૂપિયા)જેવી માતબર રકમની લોનો ખોટા દસ્તાવેજોના આધારે મંજુર કરી તેમાથી મસમોટું કમિશન મેળવી લોનધારકોને લોન આપેલ.

આ કામના આરોપી મીન્ટી ફી ફીનસર્વ પ્રા.લી. બ્રાન્ચ મેનેજર હિતેન્દ્રસિંહ સુખદેવસિંહ ઝાલા દ્વારા મસમોટું કમિશન મેળવવા સારું ગ્રાહકો શોધી ગ્રાહકો સાથે મળી પુર્વઆયોજિત કાવતરું રચી ખોટા વેલ્યુએશનો કરી વડી કચેરીમાથી લોન સેંકશન કરાવડાવી તમામ ગ્રાહકોના રજુ કરેલ રેકોર્ડ ખોટા હોવાનું જાણવા છતાં ગ્રાહકોને લોનના નાણાં આપી મસમોટું કમિશન મેળવી ગુન્હો કર્યાની ફરિયાદ નોંધાયેલ હતી જે ફરિયાદ બાદ ગાંધીગ્રામ-૨(યુની) પોલીસે આ કામનાઆરોપી મીન્ટી ફી ફીનસર્વ પ્રા.લી. રાજકોટ બ્રાન્ચ મેનેજર હિતેન્દ્રસિંહ સુખદેવસિંહ ઝાલાની ધરપકડ કરેલ અને ૫ દિવસના રીમાન્ડ મેળવી રીમાન્ડના અંતે આરોપી હિતેન્દ્રસિંહ સુખદેવસિંહ ઝાલાને જેલ હવાલે કરેલ.

જેલ હવાલે થયા બાદ આરોપીએ પોતાના વકીલ મારફત જામીન અરજી કરેલ હતી. સદરહું જામીન અરજી ચાલી જતાં આરોપી તથા ફરિયાદીના વકીલ તથા સરકાર તરફેની રજુઆતો, ઉચ્ચ ન્યાયાલયો ના ચુકાદાઓ તેમજ કેસ ના સંજોગો ને ધ્યાને લઈ આરોપી હિતેન્દ્રસિંહ સુખદેવસિંહ ઝાલાને રાજકોટ એડી. સેશન્સ કોર્ટે ચાર્જશીટ પહેલા રેગ્યુલર જામીન પર મુક્ત કરેલ છે.

આ કામના આરોપી હિતેન્દ્રસિંહ સુખદેવસિંહ ઝાલા વતી રાજકોટના વકિલ રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જીતભાઈ શાહ, ફેઝાનભાઈ સમા, દિપકભાઈ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા રોકાયેલ હતા.

# સોની બજારમાં વેપારીનું રૂ.૩૭.૫૧ લાખનું સોનુ લઈ સેલ્સમેન ફરાર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સોની બજારમાં સોનાની આપ લે માત્ર કાચી ઝબરખી પર જ લે વેચ થતી હોય જેનો લાભ લઈ ભૂતકાળમાં અનેકવાર બંગાળી કારીગરો અને સેલ્સમેનો વેપારીને લાખો કરોડોનો ચૂનો લગાવી ફરાર થઈ જતા હોવાની ઘટના ભૂતકાળમાં અનેકવાર બની છે ત્યારે સોની બજારમાં વધુ એક વેપારીને રૂપિયા ૩૭.૫૧ લાખનો ચૂનો લગાવી સેલ્સમેન ભૂગર્ભમાં ઉતરી ગયો હોવાનું પોલીસ ચોપડે નોંધાયું છે

આ અંગે ગુંદાવાડી શેરી નંબર ૨૫ માં આવેલ સુરસાગર એપાર્ટમેન્ટ ની સામે રહેતા અને સોની બજારમાં સવજીભાઈ ની શેરીમાં મારુતિ મેન્શન નામે વેપાર કરતા તેજસભાઈ દિનેશભાઈ આડેસરા નામના સોની વેપારીએ લક્ષ્મીવાડી મેઈન રોડ પર ધ્રુવલ પેલેસ એપાર્ટમેન્ટમાં રહેતો સેલ્સમેન બીપીન મુકુંદ આડેસરા વિરુદ્ધ એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે આ કામનો આરોપીને




સોનાના દાગીના વેદતા હોય જેથી બજારમાં વેચી પોતાનું કમિશન કાઢી ફરિયાદીને બદલામાં ફાઈન સોનું આપવાનું હોય ત્યારે આ સેલ્સમેન બીપીન આડેસરા એ વેપારી પાસેથી રૂપિયા ૩૭.૫૧ લાખ નું સોનુ લઈ ઓળવી જઈ છેતરપિંડી કરી વિશ્વાસઘાત કરતા ફરિયાદ નોંધાવી છે બનાવના પગલે પ્રોફેશનલ પીએસઆઇ એમ આર મકવાણા એ ગુનો નોંધી સેલ્સમેનની શોધખોળ શરૂ કરી છે.

# કુવાડવા રોડ વિદેશી દારૂનું એપિ સેન્ટરઃ બે કારમાંથી લાખોનો વિદેશી દારૂ પકડાયો

## ક્રાઈમ બ્રાન્ચ અને ડીસીપી ઝોન-૧, એલસીબીની ટીમને મળી સફળતાઃ બે કાર સાથે ત્રણ શખ્સોની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્રમાં સેન્ટર ગણાતું રાજકોટ સીટી માં દારૂ ઘુસાડવાનું વધુ એક કારસ્તાન સામે આવ્યું છે વિદેશી દારૂ માટે એપિ સેન્ટર ગણાતું કુવાડવા રોડ પર વધુ બે દરોડામાં પોલીસે લાખોનો દારૂ સાથે ત્રણ શખ્સોની ધડ પકડ કરી છે

આ અંગેની મળતી માહિતી મુજબ ક્રાઈમ બ્રાન્ચ ના પીએસઆઇ એમ કે મોબલીયા અને તેની ટીમના માણસો રાજકોટ કુવાડવા હાઈવે પર પેટ્રોલિંગમાં હતા ત્યારે એએસઆઈ રણજીતસિંહ પઢિયાર તથા સંજયભાઈ દાફડા તથા વિજયરાજ સિંહ જાડેજા અને કોસ્ટેબલ તુલસીભાઈ ચુડાસમા ને મળેલ ચોક્કસ બાતમીના આધારે નવા રીંગરોડ પર થી ભાવનગર રોડ તરફ જતા હાઈવે પર ચાંદની હોટલની સામે વોચ ગોઠવી શંકાસ્પદ રીતે નીકળેલી creta કાર ને અટકાવી તપાસ કરતા તેમાં બે સક્ષો જેનું નામ




પૂછ્તા પોતે રાજસ્થાનના સિધેશ્વર ગામનો અમ્રત પૂનમ આરામ મેઘવાળ અને બીજો જામનગર રોડ પર જલારામ હોટલની પાછળ ૨૫ વારીયા ક્વાર્ટર માં ભાડે રહેતો કાળા ઉર્ફે કાનો હીરા ટોડીયા હોવાનું જણાવ્યું હતું પોલીસે creta કાર ની તલાસી લેતા વિદેશી દારૂની બ્લેન્ડર sprite ૬૦ બોટલ ગ્રીન લેબલ ૧૫૬ બોટલ ૮ પીએમ ૪૮ બોટલ ઓરેન્જ હિલ વોડકા ૩૬ બોટલ ઓરેન્જ વોડકા ૩૬ બોટલ ગ્રીન લેબલના ચપલા ૨૮૭ નંગ ૮ પીએમ ના ચપલા ૪૮ નંગ વાટકા ૨૮૦ ચપલા ત્રણ મોબાઈલ અને કાર સહિત કુલ રૂપિયા ૧૩.૨૧ લાખનો મુદ્દા માલ કબજે કરી બંને શખ્સોની ધરપકડ કરી હતી

જ્યારે બીજા દરોડામાં ડીસીપી ઝોન વન એલસીબી ની ટીમના એએસઆઈ મનરૂખગીરી ગોસ્વામી તથા સત્યજીતસિંહ જાડેજા સહિતનો સ્ટાફ રાજકોટ અમદાવાદ હાઈવે પર તરઘડીયા ગામની ચોકડી પાસે પેટ્રોલિંગમાં હતા ત્યારે એક toyota fortune કાર નંબર જીજે ૩૬ બી ૩૬ ૩૬ વાળી માં એક સક્ષ શંકાસ્પદ રીતે પસાર થતા પોલીસે તેનો પીછો કરી કારને અટકાવી લેતા તેમાંથી સ્ટર્લીંગ રિઝર્વ b7 ના ચપલા ૯૬ નંગ આઈકોનિક વ્હાઈટ ખાસ નેટ ના ચપલા ૪૬૪ તથા એન્ટિક્વિટી બ્લુ ના ૪૮ ચપલા ચોર ખાનામાંથી મળી આવતા પોલીસે ૧૦,૦૦,૦૦૦ ની કાર સહિત કુલ રૂપિયા ૧૦.૨૭ લાખનો મુદ્દામાલ કબજે કરી કારના ચાલક દીક્ષિત મનસુખ સતાસિયા રહે નીલકંઠ રેસિડેન્સી કામરેજ ગામ ની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે

# મોટામવામાં કરોડો કિંમતની પાંચ એકર જમીન ખુલ્લી કરાવાઈ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મોટામવા વિસ્તારમાં આવેલ સર્વે નંબર ૧૮૦ની પાંચ એકર જમીન ઉપર વર્ષો જુના ખેતી વિષયક દબાણ ઉપર મંગળવારે તાલુકા મામલતદારે બુલડોઝર ફેરવી દઈ અંદાજે રૂ.૧૦૦ કરોડની કિંમતની જમીન ખુલ્લી કરાવી હતી. નોંધનીય છે કે, દબાણ હટાવવા સમયે સ્થાનિકો દ્વારા ડિમોલિશન કામગીરીનો વિરોધ કરાયો હતો. પરંતુ વિરોધ વચ્ચે પણ મામલતદારે દબાણ ખુલ્લું કરાવ્યું હતું. પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ શહેરના મોટામવા વિસ્તારમાં કરણ અર્જુન પાર્ટી પ્લોટ પાછળ રેવન્યુ સર્વે નંબર ૧૮૦ની જમીન ઉપર વર્ષોથી પાંચ એકર ખેતી વિષયક દબાણ હોય અગાઉ દબાણ હટાવવા કાર્યવાહી કરવામાં આવી હતી. જો કે, સમગ્ર મામલે હાઈકોર્ટમાં કાનૂની જંગ ચાલતા તંત્ર ડિમોલિશન કરી શક્યું ન હતું. બીજી તરફ હાઈકોર્ટમાં દબાણ હટાવવાનો માર્ગ મોકળો થતા સોમવારે તાલુકા મામલતદાર અને તેમની ટીમે કંકુબેન હરિભાઈ પરમારના ૬૫ વર્ષ જુના ખેતી વિષયક દબાણ ઉપર બુલડોઝર ફેરવી દીધું હતું.

ઉલ્લેખનીય છે કે, મોટામવામાં તાલુકા મામલતદાર દ્વારા ઓપરેશન ડિમોલિશન હાથ ધરવામાં આવતા અનુસૂચિત જાતિ સમાજના અગ્રણી ડી.ડી.સોલંકી તેમજ સ્થાનિકોએ જેસીબી આડા આવીને ઉગ્ર વિરોધ કર્યો હતો અને એક તબબકે માહોલ તંગ બનતા ડિમોલેશન રોકી દેવાયું હતું.

જો કે, બાદમાં તાલુકા મામલતદાર કાર્તિક મકવાણા તેમજ તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ હીરપરા સહિતની ટીમે ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ઓપરેશન ડિમોલિશન પૂર્ણ કરી ખેતી ઉપરાંત ઓરડી સહિતના બાંધકામ દૂર કરાવી ૧૦૦ કરોડથી વધુની સરકારી જમીન ખુલ્લી કરાવી હતી.

# રાજકોટના બેડી માર્કેટયાર્ડમાં અંતે છ દિવસ બાદ હડતાળનો અંત આવ્યો

## ફૂલેકાબાજ ઢોલરિયા બંધુ પાસેથી ૧૪૫ એજન્ટના સલવાયેલા ૧૯ કરોડમાંથી મહત્તમ રિકવરી કરી આપવા પોલીસની ખાતરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ માર્કેટયાર્ડમાં ૧૭-૧૯ કરોડનુ ફુલેકુ ફેરવીને ફરાર થઈ ગયેલા બીપીન ઢોલરીયા તથા નિતેષ ઢોલરીયા બંધૂ પોલીસના સકંજામાં આવી તો આવી ગયા છે પરંતુ ૧૪૫થી વધુ ભોગ બનનાર કમિશનર એજન્ટોર્ને હજુ સુધી તેના પૈસા મળ્યા નથી. આ ફૂલેકા પ્રકરણને લઈને માર્કેટિંગ યાર્ડમાં છેલ્લાં છ દિવસથી હડતાળ ચાલી રહી હતી. શાકભાજી સિવાયના તમામ વિભાગોમાં સોદા બંધ હતા. અંતે પોલીસે કમિશન એજન્ટ એસોસિએશનને એવી ખાતરી આપી છે કે, તેમના પૈસા સલવાયા છે તે નીકળી જશે. આ ખાતરીના પગલે અંતે છ દિવસે હડતાળનો સુખદ અંત આવ્યો હતો.

માર્કેટયાર્ડની વર્ષો જુની પેઢી જે. કે. કંપનીના ભાગીદાર બંધુ બીપીન પીન ઢોલરીયા તથા નિતેષ ઢોલરીયા કમીશન એજન્ટોના ૧૭.૧૯ કરોડ ચુકવ્યા વિના નાસી ગયા હતા.

યાર્ડના ૧૪૫ કમીશન એજન્ટોની ૧૭કરોડથી વધુની રકમ સલવાઈ ગઈ હોવાના કારણોસર તીવ્ર પ્રત્યાઘાતો પડયા હતા. કમીશન એજન્ટોને નિયમિત ધંધો કરવા નાણાનું રોટેશન જરૂરી હોય છે. આ જ કારણોસર કામકાજ બંધ રાખ્યા હતા. અને જ્યા સુધી ફૂલેકાબાજ ઢોલરિયા બંધુ પાસે સલવાયેલુ લેણુ નીકળે નહીં ત્યા સુધી યાર્ડમાં હડતાળ યથાવત રાખવા અડગ એલાન કર્યુ હતુ. આરોપીઓ પકડાયા બાદ આજે પોલીસ અને એજન્ટ એસોસિએશન વચ્ચે વાટાઘાટ ચાલી હતી અને પોલીસે એવી ખાતરી આપી હતી હતી કે, તેમની સલવાયેલી રકમ પરત મળી જશે. આ ખાતરીના પગલે અંતે ૬ દિવસની હડતાળનો અંત આવ્યો હતો.

# હોસ્પિટલ ચોકીના એએસઆઈ નશાની હાલતમાં DCPની ઝપટે ચડી ગયાઃ સસ્પેન્ડ કરાયા

## પ્રનગર પોલીસમાં ગુનો નોંધાતા પોલીસબેડામાં ચકચાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

યુનીવર્સીટી રોડ ઉપર બનેલા હત્યાના બનાવ બાદ ડીસીપી બનાવ સંદર્ભે વિઝીટ માટે મોડી રાત્રે સિવિલ હોસ્પીટલે પહોચ્યા હતા અહીં ચોકીમાં જતા ફરજ પર રહેલા એએસઆઈ દારૂ પીધેલી હાલતમાં મળી આવતા પકડી પાડ્યા હતા અને બ્રેથ એનેલાઈઝરથી ચેક કરતા રીપોર્ટ પોઝીટીવ આવતા પ્રનગર પોલીસમાં ગુનો નોંધાવી તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

ઋષિકેશ પાર્કમાં ચૌલાબેન પટેલની હત્યા થતા મોડી રાત્રે ત્રણેક વાગ્યે મૃતદેહ સિવિલ હોસ્પીટલે ખસેડાયો હોય બનાવને પગલે ડીસીપી જગદીશ બાંગરવા પણ હોસ્પીટલે દોડી ગયા હતા અહીં સિવિલ હોસ્પિટલ ચોકીની વિઝીટ કરતા માઉન્ટેડ પોલીસ લાઈનમાં રહેતા અને અહીં એએસઆઈ તરીકે ફરજ પર હાજર રહેલ ચંદ્રસિહ જશુભા ઝાલા ઉ.૫૨ નામના પોલીસ કર્મચારી નશાની હાલતમાં મળી આવતા પોતે ચોકી ઉઠયા હતા પોલીસમેન દારૂ પીધેલીં હાલતમાં ઝડપાઈ જતા તુરંત પ્રનગર પીઆઈ પી આર ડોબરીયાને જાણ કરી બ્રેથ એનેલાઈઝર મારફત ચેક કરતા તેનો રીપોર્ટ પોઝીટીવ આવતા પ્રોહીબીશનની કલમ ૬૬ (૧) બી મુજબ તૌફીકક્ભાઈ મંઘરાએ ફરિયાદી બની ગુનો નોંધી નશાની હાલતમાં રહેલા એએસઆઈ સી જે ઝાલાની અટકાયત કરી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

# પાકિસ્તાન કનેકશન ધરાવતા મૌલાનાના ગેરકાયદેસર મદ્રેસા પર તંત્રનું બુલડોઝર ફરી વળ્યું

**મુખ્ય સમાચાર, રાજુલા**

અમરેલીના ધારીના હિમખમડીપરા વિસ્તારમાંથી ઝડપાયેલ શંકાસ્પદ મૌલાના મહમદ ફઝલ શેખના મદ્રેસા પર તંત્ર દ્વારા બુલડોઝર ફેરવવામાં આવ્યું હતું.

આ અંગેની મળતી માહિતી મુજબ ગત ૧ મેં ના રોજ ધારીના હિમખમડીપરા વિસ્તારમાં મદ્રેસા ચલાવતા મોલાના મહંમદફઝલ શેખના મોબાઈલ ફોનમાંથી પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના સોશિયલ મીડિયામાં ગ્રુપ મળી આવ્યા હતા. ત્યારબાદ અમરેલી એસ.ઓ.જી દ્વારા તપાસ શરૂ કરાઈ હતી.

આ શંકાસ્પદ મૌલાનાની ગતિવિધિઓ સામે આવ્યા બાદ અમદાવાદ ATS ના હવાલે સોંપી ATS દ્વારા ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી હતી.



આ સમગ્ર મામલે મૌલાના જે મદ્રેસા ચલાવી રહ્યો હતો તે જમીન પર ગેરકાયદેસર મદ્રેસા હોવાનું સામે આવતા આજે વહેલી સવારે મદ્રેસા પર તંત્રએ બુલડોઝર ફેરવી તોડી પાડી મદ્રેસા જમીન દોસ્ત કરી દેવામાં આવ્યું હતું.

ગેરકાયદેસર મદ્રેસા ઉભો થતા તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો. જેમાં પ્રાંત અધિકારી, બે ડીવાયએસપી, ત્રણ પીઆઈ સહિત મોટી સંખ્યામાં પોલીસ કાફલા સાથે બંદોબસ્ત ગોઠવાયો હતો.

# રંગમહેલ એપાર્ટમેન્ટમાં પિતાએ ઠપકો આપતા ધો.૧૨ના વિદ્યાર્થીનો ઝેરી દવા પી આપઘાત

## પિતા બિમારીની દવા લેવા નવસારી ગયા હતા ફોન પર ઠપકો આપતા ભર્યુ પગલું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં કાલાવડ રોડ પર ભગીરથ ગ્રેનીટો પાસે રંગમહેલ એપાર્ટમેન્ટમા રહેતા અને ત્રંબા પાસે ગુરુકુળમાં ધો.૧૨નો અભ્યાસ કરતા વિદ્યાર્થીએ પોતાન ઘરે ઝેરી પાવડર પી આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી મચી ગઇ છે. આ ઘટનામાં રાજકોટ તાલુકા પોલીસ મથકના સ્ટાફે કાગળો કરી કારણ જાણવા તજવીજ શરૂ કરી છે.વધુ વિગતો મુજબ કાલાવડ રોડ પર કટારીયા ચોકડી નજીક ભગીરથ ગ્રેનીટો પાસે રંગમહેલ એપાર્ટમેન્ટમા રહેતા મથન જગદીશભાઇ



કયાડા નામના ૧૭ વર્ષના તરૂણે પોતાના ઘરે ઘઉંના નાખવાના ઝેરી પાવડર પી જતા તેમને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયા ફરજ પરના તબીબે મંથનને મૃત જાહેર કર્યો હતો. પુત્રના મોતથી પરિવારમાં શોક વ્યાપી ગયો છે. મંથન ત્રંબા પાસે આવેલા ગુરુકુળમાં રહી ધો.૧૨માં અભ્યાસ કરતો હતો. તાજેતરમાં જ ધો.૧૧ની પરીક્ષા આપ્યા બાદ પાસ થયો હતો. અને હાલ વેકેશન હોય જેથી ઘરે આવ્યો હતો. પોલીસ પાસેથી જાણવા મળ્યુ કે, તેના પિતા કોલસાના વેપારી છે અને તેમને હૃદયની બિમારી હોય જેથી નવસારી સારવાર માટે ગયા હતા. ત્યાથી પરત ફર્યા ત્યારે પુત્રએ આ પગલુ ભરી લીધુ હતુ. પરિવારજનોએ જણાવ્યુ કે, મંથન તામસી સ્વભાવનો અને વાત વાતમાં ગુસ્સે થઈ જતો હતો. તેમના મૃત્યુથી પરિવારમાં શોક છ્વાયો છે.

# શિવાજી સેના દ્વારા યોજાયેલા સમૂહલગ્નોત્સવમાં દીકરીઓને કરિયાવરમાં ધાતુનાં ઘરેણાં અપાયાં




## બે યુગલની છેતરપિંડીનો ગુનો દાખલ, કુવાડવા પોલીસને લેખિતમાં રજૂઆત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શિવાજી સેના દ્વારા ગત તા. ૨૭-૪-૨૫ના રોજ રાજકોટ જિલ્લામાં સમુહ લગ્નોત્સવનું આયોજન કરાયુ હતુ. જેમાં કરીયાવરમાં દિકરીઓને આપવામાં આવેલ ઘરેણા ધાતુના બહાર આવતા ખળભળાટ મચ્યો છે. લખતર પંથકના ૨ યુગલો દ્વારા આ અંગે કુવાડવા પોલીસ મથકે અરજી કરી આયોજકો સામે છેતરપિંડીનો ગુનો નોંધવા માંગ કરી છે. આ બનાવમાં આયોજકોએ વસ્તુઓ બદલી આપવાની જવાબદારી સ્વીકારી છે.

શિવાજી સેના ગુજરાત દ્વારા તા. ૨૭-૪-૨૫ના રોજ રાજકોટના હીરાસર એરપોર્ટ ખાતે કરાયુ હતુ. સંસ્થાના ૨૬મા સમુહ લગ્નોત્સવમાં ૫૦૦થી વધુ યુગલોએ પ્રભુતામાં પગલા પાડયા હતા. જેમાં કન્યાઓને કરીયાવરમાં ઘરવખરી સાથે ચાંદીની વીંટી, પંચધાતુનો સીક્કો, ચાંદીનો સીક્કો, ચાંદીના વીંછીયા. સોનાની ચુંક અપાઈ હતી. ત્યારે સમુહ લગ્નોત્સવમાં અપાયેલ આ ઘરેણા ધાતુના હોવાનું સામે આવ્યુ છે. આથી લખતરના તલસાણા ગામે રહેતા નવઘણભાઈ પમાભાઈ રોજાસરા અને લખતરના વણકરવાસમાં રહેતા સોનલબેન વસંતભાઈ વોરાએ શીવાજી સેનાના પ્રમુખ વિક્રમભાઈ સોરાણી સહિતનાઓ સામે છેતરપિંડીનો ગુનો દાખલ કરવા કુવાડવા પોલીસ મથકે લેખીત અરજી આપી હતી. આ બનાવ સામે આવતા ચકચાર મચી હતી. અને આ વાત સમુહ લગ્નોત્સવના

આયોજકોના ધ્યાને આવી હતી. આથી તેઓએ કોઈ દુકાનદાર આ વસ્તુઓ મેટલની સાબીત કરતા હોય તો લેટરપેડ અને બીલબુક સાથે સંસ્થાની ઓફીસે પહોંચાડવા જણાવ્યુ છે. આ ઉપરાંત દાતાઓ તરફથી આપવામાં આવેલ વસ્તુઓમાં કોઈ ફેરફાર હશે તો તે વસ્તુઓ બદલી આપવાની જવાબદારી પણ આયોજકોએ સ્વીકારી છે.

# ખંભાળીયાના બજાણા ગામે વીજપોલ ધરાશાયી થતા ત્રણ શ્રમિકના મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ખંભાળીયાના બજાણા ગામે વીજ પોલ ઉભા કરતી વખતે વીજપોલ ધરાશાઈ થયો હતો જેમાં કામ કરતા બે મજૂર ઉપર પોલ પડતા ત્રણ લોકોના મૃત્યુ અને બેને ઈજાઓ થઈ હતી. આ અંગેની મળતી માહિતી મુજબ ખંભાળીયા તાલુકાના બજાણા ગામે વીજ પોલ ઉભા કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે ત્યારે આજરોજ આ મહાકાય વિજપોલ ઉભો કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી હતી ત્યારે અચાનક મહાકાય વિજપોલ ધરાશાયી થતા લેબર કામ કરતા લોકો ઉપર વીજ પોલ પડયો હતો.જેમાં નિસ્તર ઉ.વ.૨૪ અને તન્મય મૂમું ઉ.વ.૨૫નો ગંભીર ઈજાઓ થતા તેમને અત્રેની ખંભાળીયા સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં હાજર તબીબોએ મૃત જાહેર કરાયા હતા. જ્યારે અન્ય બે લોકોને ગંભીર ઈજાઓ થઈ હતી તેમને જામનગર ખસેડવામાં આવ્યા હતા. જયા આગળ પરિમલ મારડી ઉ.વ.૨૩ નામના શ્રમિકનું પણ મોત નિપજયાનું જાણવા મળેલ છે. આ સમગ્ર મામલે પોલીસ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે હાલ બજાણા ગામે રહેતા અને મૂળ પશ્ચિમ બંગાળના રહેવાસી પરપ્રાંતીઓના યુવકોના મોતથી ભારે અરેરાટી વ્યાપી આપી ગઈ હતી